Vir-Shasan. Ahmedabad. Reg. No. B. 1500.

॥ શ્રી ॥

# વીર-શાસન.

वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिता
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ।
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो
वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः श्रीवीर भद्रं दिश ॥१॥

પુસ્તક ૨ જું.] વૈશાખ. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [અંક ૭ મો.

## વિષયાનુક્રમ.


| | | | |
|---|---|---|---|
| દાનાષ્ટકમ્ ... ... ... ... | ૧૯૭ | ધાંધળથી પોતાની જીત મનાવવા-નો વિદ્યાવિજયજીનો કુત્સીત પ્રયત્ન | ૨૧૬ |
| શીલ સંવાદ ... ... ... | ૧૯૮ | પ્રકાશના નવા વર્ષમાં નવો પ્રકાશ. | ૨૨૦ |
| વિવિધ પ્રશ્નોત્તરો... ... ... | ૧૯૯ | જૈનધર્મ પ્રકાશનો અભિપ્રાય... | ૨૨૨ |
| જૈનધર્મનાં ગ્રંથોપર વિચારણા... | ૨૦૦ | કણભા સ્કુલના હેડમાસ્તરને વિનંતિ | ૨૨૩ |
| શ્રીયુત વિજયધર્મસૂરિજી કે લેખકો જવાબ ... ... ... | ૨૦૨ | મહારાજા ચંદ્રશેખર... ... ... | ૨૨૪ |
| મુનિશ્રીઅમૃતવિજયજી ... ... | ૨૦૬ | અમારી નોંધ ... ... ... | ૨૨૭ |
| સુંદર રાજાની સુંદર ભાવના ... | ૨૦૮ | | |


સંપાદક

કેશવલાલ દલસુખભાઇ શાહ.

પ્રકાશક

**શ્રી વીર—સમાજ.**

ડોશીવાડાની પોળ, જૈન વિદ્યાશાળા—અમદાવાદ.

વાર્ષીક લવાજમ રૂ. ૨-૦-૦ પોસ્ટેજ સાથે. છુટક નકલના ચાર આના.

અમદાવાદ-ધી યુનીયન પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
શાહ મોહનલાલ ચીમનલાલે છાપ્યું.

# વિજ્ઞપ્તિ.

**સુજ્ઞ વાંચક !**

સવિનય લખવાનું કે રાજનગર મધ્યે શ્રી વીર–સમાજ નામનું એક જૈન યુવકોનું મંડળ સ્થાપવામાં આવ્યું છે. રાજનગરમાં જૈનોની સંખ્યા મ્હોટા પ્રમાણમાં હોવા છતાં, આવા આદર્શ જૈન યુવકોના મંડળોની ઓછાશના પરિણામે કેટલાક ધર્મપ્રેમી, શ્રદ્ધાવંત, ઉત્સાહી અને ખંતીલા યુવકોએ આ સમાજ સ્થાપી છે. આ સમાજનો મુખ્ય ઉદ્દેશ શાસનસેવા છે તેથી ભિન્ન ભિન્ન વિભાગોમાં શાસનસેવા કરવાની આ મંડળ કોશીષ કરે છે. પ્રથમ પ્રયાસ તરીકે ગત વર્ષની શરૂઆતથીજ શ્રી વીર–શાસન નામક માસિક પ્રગટ કરવામાં આવ્યું છે. આ માસિકમાં મુખ્યત્વે કરીને સમાજને ઉપયોગી ધાર્મિક તત્ત્વોનું તેમજ અન્ય પણ ઉપકારક વિષયોનું, વિદ્વાન મુનિમહારાજાઓ તથા પ્રશસ્ત લેખકોના હાથે નિરૂપણ કરવામાં આવે છે અને આવશે. આ માસિકનું લવાજમ ફક્ત રૂપીઆ બે રાખવામાં આવ્યું છે. સર્વે શાસનપ્રેમી ભાઇઓને વિનંતી છે કે આ માસિકના ગ્રાહક થઈ અમોને આભારી કરશો. તદુપરાંત ઉપર્યુક્ત સમાજના સભાસદ થવા અમારો દરેક શ્વેતાંબર જૈનભાઈ પ્રત્યે ખાસ આગ્રહ છે. દરેક સભાસદોને માસિક ભેટ મળશે.

**લવાજમનો દર નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| પેટ્રૅન | ૫૦૧–૦–૦ | પ્રથમવર્ગ લાઇફમેમ્બર | ૧૦૧–૦–૦ |
| બીજો વર્ગ લાઇફમેમ્બર | ૫૧–૦–૦ | વાર્ષિક મેમ્બર | ૩–૦–૦ |

જૈન વિદ્યાશાળા, ડોશીવાડાની પોળ.
**અમદાવાદ.**

સેક્રેટરીઝ
**વીર–સમાજ.**

---

## જાહેર ખબર.

| પુસ્તકનું નામ. | | કીંમત | પોસ્ટેજ. |
|---|---|---|---|
| સમવસરણ પ્રકરણ | સં. | ૦–૧–૬ | ૦–૦–૬ |
| યોનીસ્તવ | ,, | ૦–૦–૬ | ૦–૦–૬ |
| લોકનાલિકા | ,, | ૦–૨–૦ | ૦–૦–૬ |
| સંપ્રતિ ચરિત્ર | ,, | ૦–૩–૦ | ૦–૦–૬ |
| પાલગોપાલ કથા | ,, | ૦–૧–૬ | ૦–૦–૬ |
| કુવલયમાલા | ,, | ૧–૧૦–૦ | ૦–૪–૦ |

| પુસ્તકનું નામ. | | કીંમત. | પોસ્ટેજ. |
|---|---|---|---|
| હંસરાજવત્સરાજ | સં. | ૦–૬–૦ | ૦–૧–૦ |
| શ્રીપાલ ચરિત્ર | ,, | ૦–૪–૦ | ૦–૧–૦ |
| ભદ્રકાળીનો ભોગ | ગુ. | ૦–૨–૦ | ૦–૦–૬ |
| શતકચૂર્ણિ | સં. | ૧–૮–૦ | ૦–૪–૦ |
| સપ્ત વ્યસન નિષેધ | ગુ. | ૦–૮–૦ | ૦–૧–૦ |
| શતક પ્રકરણ (પ્રાચીન પંચમકર્મગ્રંથ) | | છપાયછે, | |
| ગચ્છાચાર પયન્નો | સં. | | છપાય છે. |

હંસરાજવત્સરાજકથા તથા શ્રીપાલચરિત્ર સાધુ સાધ્વીને ભેટ અપાય છે, માટે મંગાવનારે પોષ્ટેજ મોકલાવી આપવું. વી. પી.થી પુસ્તકો મોકલવામાં આવતાં નથી, માટે મંગાવનારે નાણાં પ્રથમથી મોકલવાં. કોઇએ વી. પી. થી મંગાવવા તસ્દી લેવી નહિ. જવાબ વાસ્તે ટીકીટ બીડવી તે વિના જવાબ આપવામાં આવશે નહિ. મળવાનું ઠેકાણું.

**શ્રી વીર—સમાજ.**

૧૫૭ રતનપોળ—અમદાવાદ

॥ अर्हम् ॥

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स.

# श्री वीर-शासन.

VIR-SHASAN.

पुस्तक २ । वैशाख १९७८. वीरसंवत् २४४८. । अंक ७.

## दानाष्टकम्

दानेनाशु वशीभवन्ति मनुजा दानेन वैराण्यपि
नाशं यान्ति विकाशमेति सुयशो दानेन लोकेऽङ्गिनाम् ।
दानेनोज्ज्वलतां प्रयाति हि मनोऽघो दानतो नश्यति
दानं क्वापि निरर्थकं न तदिदं भव्या मुदा दीयताम् ॥ १ ॥
दानं दुर्गतिपातरोधनकरं दानं सुखोत्पादनं
दानं दुःखविनाशनं नरसुरश्रीदायकं प्राणिनाम् ।
दानं पुण्यविवर्द्धकं शिवपुरप्रस्थानपाथेयकं
श्रेयः श्रीततिकारणं ददत भो दानं सुपात्रे जनाः ॥ २ ॥
चारित्रं प्रकटीकरोति विनयं सूते तपः पुष्यति
ज्ञानं सञ्चिनुते विवेकमतुलं पुष्णाति दत्ते सुखम् ।
लक्ष्मीं वर्द्धयते वृषं च जनयत्येनो दलत्यञ्जसा
दानं स्वर्गसुखं ददाति भविनां निर्वाणलक्ष्मीमपि ॥ ३ ॥
व्याधिस्तं विधुरीकरोति न नरं हुन्वन्ति तं नापदो
दौर्गत्यं श्रयते न तं भजति नो दैन्य दशो नेक्षते ।
तं नवापयशः कलङ्कयति तं दारिद्र्यमभ्येति नो
यो दानं गुणरत्नराशिजलधिर्दत्ते नरः सादरम् ॥ ४ ॥
कान्ता रूपवती मनोऽनुगमनाः पुत्रा गरीयो धनं
नीरोगं च वपु गिरश्च मधुरा मानं च भूमीभृतः ।

स्वास्थ्यं चेतसि सज्जनाश्च सुहृदो नित्यं हिताकाङ्क्षिण
एतानीह भवन्ति दानकरणात् तद्दत्त पात्रे जनाः ॥ ५ ॥
कीर्त्तिस्तस्य कुतः कुतः शुभमतिः शान्तिः कुतश्चेतसि
विश्रान्तिश्च कुतः कुतः खलु धृतिर्देहस्य कान्तिः कुतः ।
स्फूर्त्तिः स्वस्ति कुतः कुतो गुणरतिर्वर्ण्या विभूतिः कुतो
दानं येन न पूर्वजन्मनि ददे पात्रेष्वनर्थापहम् ॥ ६ ॥
कोऽपि स्वः पथतारकावलिमितिं कुर्यान्नरः स्वर्धुनी–
रेणूनां गणनां सरित्पतितरत्कल्लोलसंख्यामपि ।
माहात्म्यं विमलाचलस्य कलयेत् दैवात् प्रमाणं नये–
दाकाशं नहि दत्तदानमहिमानं वर्णितुं कोऽप्यलम् ॥ ७ ॥
ज्ञानध्यानतपः क्रियादिनिरतेभ्यो यो मुनिभ्यो मुदा
दत्ते भक्तिभरोच्छ्रिताङ्गलतिको दानं च निर्दूषणम् ।
स स्यात् सौख्यनिकेतनं गुणगृहं श्रीशालिभद्रादिवत्
इत्थं स्वे हृदये विचार्य भविका दानं सदा दत्त भोः ॥ ८ ॥

## "શીલ સંવાદ."

( દુહા. )

શીલ કહે સુણુ દાન તું, શું કરે છે અભિમાન,
આઠ પહોર આડંબરે, યાચકથી વ્યવહાર. ૧
અંતરાય વળી તાહરે, ભોગ કર્મ સંસાર,
જીનવર કર નીચો કરે, તુજને પડો ધિક્કાર. ૨
ગરવ મ કર દાન તું, મુજ કેડે સહુ કોય,
નોકર હાલે આગળે, પીછે રાજા હોય. ૩
જીનમંદીર સોનાતણો, નવીન કરાવે કોય,
સુવર્ણ કોટી દાન દે, શીલ સમો નહી જોડ. ૪
શીલે સંકટ સવિટળે, શીલે શીતળ આગ,
શીલે અરિ, કરિ, કેસરી, જાવે ભય સવિ ભાગ. ૫
શીલે સહુ આવી મિલે, શીલે જસ સૌભાગ્ય,
શીલે સુર સેવા કરે, શીલ વડો વૈરાગ્ય. ૬
જન્મ મરણના દુઃખ થકી, મેં છોડાવ્યા અનેક,

નામ કહું હવે તેહના, સુણજો ધારી વિવેક. ૭
શીલ કહે જગ હું વડો, વાત સુણો મુજ કીધ,
લાલચ આવે લોકમે, દાન તણી વાત દીઠ. ૮
શીલે સંચર્યા જાણીએ, વળી વિરતિ નહી કાંઇ,
તે નારદ મેં સુખીયો, મુજ જુઓ અધિકાઇ: ૯
બાંહે પહેર્યાંતાં બેરખાં, શંખને દુષણ દીધ,
કાપ્યાં હાથ કળાવતી, તે નવપલ્લવ કીધ. ૧૦
રાવણગૃહ સીતા રહી, રામે રાખી કિમ,
સીતા કલંક ઉતારીને, અગ્નિનું પાણી કીધ. ૧૧
ચંપાદ્વાર ઉઘાડીયાં, ચાલણી કાઢયું નીર,
સતી સુભદ્રા જસ થયો, તેં મેં કીધી સીજ. ૧૨
રાજાએ મારવા માંડીયો, અભયા દુષણ દીધ,
શુળી સિંહાસન મેં કર્યું, શેઠ સુદરશન ધીર. ૧૩
ચીર પ્રગટાવ્યાં પહેરેલાં, એકસોને આઠવાર,
પાંડવ હારી દ્રૌપદી, મેં રાખી ઉદાર. ૧૪
બ્રાહ્મી ચંદનબાળિકા, વળી દમયંતી શીલ,
ચેડાની સાતે સતિ, કુંતિ, સુંદર, લીધ. ૧૫
ઇત્યાદિ મેં ઉદ્ધર્યાં, નરનારીકેરા વૃંદ,
પારીંદ્ર લંછન વીરજી, મુજને પ્રથમ આનંદ. ૧૬

લી. પારીંદ્ર (છાયાપુરી.)

---

# વિવિધ પ્રશ્નોત્તરો.

——(૦)——

( લેખક—પંન્યાસજી મહારાજ શ્રીમદ્ દાનવિજયજી ગણી. )

( ગતાંકથી ચાલુ. )

પ્ર૦—૮૧—બ્રહ્મવ્રતના ધારણહાર મહાત્મા પુરૂષો સ્ત્રીનું આસન તથા શીલવતી સ્ત્રીએ પુરૂષનું આસન કેટલા કાલ ત્યાગ કરવું જોઇએ ?

ઉ૦—શીલવતધારી પુરૂષોએ સ્ત્રીને આસન ઉપર બેઠલ હોય તે આસન ઉપર સ્ત્રીના ઉઠ્યા પછી અંતર્મુહુર્ત્ત સુધી બેસવું નહીં તથા શીલવતધારિણી સ્ત્રીએ જે આસન ઉપર પુરૂષ બેઠેલ હોય તે આસનનો ત્રણ પહોર ત્યાગ કરવો. એમ શ્રીભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે સંબોધ પ્રકરણમાં કહેલ છે.

પ્ર૦—૮૨—ચોથી નરકમાં પરમાધાર્મિકકૃત વેદના હોય ?

ઉ૦—સંગ્રહણી સૂત્રમાં પરમાધાર્મિકકૃત વેદના પ્રથમ ત્રણ નરકમાં કહેલ છે, પરંતુ

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીકૃત શ્રી રામાયણમાં શ્રીસીતેંદ્ર શ્રીલક્ષ્મણજીને લેવાને ચોથી નરકમાં ગયા ત્યાં પરમાધાર્મિક કદર્થના કરતા હતા તેને દૂર કર્યાનું વર્ણન છે. આ પાઠથી સિદ્ધ થાય છે કે કદાચિત્ ચોથી નરકમાં પણ પરમાધાર્મિકકૃત વેદના હોય.

પ્ર૦—૮૩—કાચી કેરી ચીભડા આદિના કટકા કરેલ હોય તે બે ઘડી પછી પ્રાસુક થાય?

ઉ૦ કાચી કેરી તથા કાચા ચીભડા આદિના કટકા કરેલ હોય તે પ્રબલ અગ્નિ અથવા પ્રબલ લુણના સંસ્કાર વિના બે ઘડી પછી પ્રાસુક ન થાય એવો ભાવાર્થ શ્રી સેનપ્રશ્ન શ્રી શ્રાદ્ધવિધિ શ્રી લઘુપ્રવચનસારોદ્ધારાદિમાં છે.

પ્ર૦—૮૪—ચઉવિહાર પ્રત્યાખ્યાનમાં અનાહાર વસ્તુ કલ્પે ?

ઉ૦—ચઉવિહાર પ્રત્યાખ્યાનમાં લીંબડો ગળો એળીઓ ત્રીફળાં કડુ કરિયાતું આદિ અણાહાર વસ્તુ કારણે કલ્પે. અણાહાર વસ્તુ પણ કારણ વિના નિત્ય લેવા ન કલ્પે તથા અણાહાર વસ્તુ પણ સ્વાદને અર્થે અથવા ઉદરપૂર્તિને અર્થે ન કલ્પે. એમ શ્રી શ્રાદ્ધવિધિમાં ઉલ્લેખ છે.

# જૈન ધર્મના ગ્રંથો પર વિચારણા.

( ૩ )

**આગમગ્રન્થો.**

શ્રી આચારાંગસૂત્રમાં સાધુ, સાધ્વીઓ માટે નિયમો તથા બીજા આચારો અને પરમાત્મા શ્રી વીરપ્રભુનું જીવન વર્ણવવામાં આવ્યું છે. શ્રી સૂયડાંગજીમાં પ્રભુ વિદ્યમાન હતા તે સમયે પ્રવર્તતા ધર્મોનું વર્ણન તથા સંસારદશા ઉપરની મોહકતા નિર્મૂળ કરી મનની અક્ષય શાંતિ વરપ દોરે તેવાં અપૂર્વ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્રીજા શ્રી સ્થાનાંગજીમાં વસ્તુ દ્રવ્યની સંખ્યા, તેની ગણત્રી ઘણા વિસ્તારથી દર્શાવવામાં આવી છે એટલે કે એક પદાર્થ તરિકે આત્મા, બે તરિકે સ્નેહ અને ગુસ્સો, ત્રણ તારકે જન્મ, જીંદગી, મરણ, ચાર તારકે ક્રોધ, માન, માયા. લોભ, એવી રીતે પ્રકારાંતરોથી વસ્તુ સ્વરૂપ સારી રીતે સમજાવવામાં આવ્યું છે. સમવાયાંગમાં ષટ્દ્રવ્યની શક્તિ વીગેરેનું વિવેચન વિસ્તારપૂર્વક છે. પાંચમાં અંગ શ્રી ભગવતીસૂત્રમાં અંતિમ જીન શ્રી વર્ધમાન-પ્રભુને પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા વિવિધ પ્રશ્નો અને ભગવંતે શ્રીમુખે આપેલા ઉત્તરોરૂપી અમૂલ્ય રત્નનો નિધિ છે. સૂત્રોમાં આ સર્વથી મોટું ગણાય છે તેમજ તેનું સન્માન પણ જૈન સમાજમાં વિશેષ છે, તેની મહત્વતા માટે વધું લખવું એ દિવસના નિર્મળ પ્રકાશમાં સૂર્યની તેજશક્તિનું વર્ણન કરવા સદશ છે. અર્થાત્ ખુદ મહાવીર પિતા ઉત્તરદાત્તા અને શ્રીમાન્ ઇંદ્રભૂતિ જેવા પ્રખર વિદ્વાન્ પ્રશ્નકર્તા ત્યાં તે કઈ વસ્તુની ઉણપ હોઇ શકે ! છઠ્ઠા જ્ઞાતાધર્મકથાંગમાં શ્રદ્ધા, જ્ઞાન, આત્માદિ વિષયોને લગતી નૈતિક કથાઓ આજ્ઞાપાલકોને થયેલા લાભો અને વિરાધકોને પ્રાપ્ત થયેલ નુકશાનો તે ઉપરથી ગ્રહણ કરવાનો ઉપનય છે. ઉપાશકદશાંગ અને અન્તગડદશાંગ જેમાંના પ્રથમમાં પ્રભુના

દશ મુખ્ય અને દ્રઢ શ્રાવકોનાં ચરિત્રો તથા તેમને અડગવૃત્તિથી વહન કરેલી શ્રાવકની અગીઆર પ્રતિમાઓનુ વૃતાન્ત છે અને બીજામાં દશ મુખ્ય આચાર્યોનું વા સાધુ મહાત્મા-ઓનું જીવનચરિત્ર છે કે જેઓએ અતિશય સહનશીલતા દાખવી, આઠ કર્મોનો ક્ષય કરી, તેજ ભવમાં શીવસુંદરીનો મેળાપ કર્યો છે, તે સાથે અન્ય કેવળજ્ઞાની આત્માઓની જીવન-રેખા દોરી છે. નવમા અનુત્તરોવવાઇમાં દેવલોકને વિષે શ્રેષ્ઠતમ સ્થાન છે જેનું એવા અનુત્તર વિમાનને અલંકૃત કરનાર દશ આચાર્યોની જીંદગીનો હેવાલ આલેખ્યો છે. દશમું પ્રશ્નવ્યાકરણ કર્મો અને તેના નિવારણ અર્થેના ઉપાયોને લગતી બાબતોથી ગુંફિત છે અને છેલ્લું ( હાલના સમયે ) અથવા અગીઆરમું શ્રી વિપાકસૂત્ર શુભકર્મોનાં સારાં ફળો અને અશુભ કર્મોનાં માઠાં ફળો વિસ્તારથી સૂચન કરી આ-ત્માઓપ્રત્યે કર્મ આચરતાં અગાઉ વિચાર કરવા રૂપ ' વોરનીંગ બેલ ' વા ' ચેતવણી ઘંટ ' વગાડી રહ્યું છે. નથી તો અન્ય મતોની માફક તેમાં પ્રચારક અને અનુસારી માટે જુદા કાનુનો કે નથી તેમાં પ્રભુ જેવાની પણ ચાલેલી સિફારસ, માત્ર એકજ મુદ્રાલેખ, ' કર અને જો ' અગર ' કરે તેજ ભોગવે ' અત્રે અંગોની ટુંકી વિચારણા સમાપ્ત થાય છે. થોડું ઉપાંગો વિષે પણ વિચારી લઇએ. શ્રી ઉવવાઇનામા પ્રથમમાં આગળ અંગોમાં બતાવેલા સ્થાનોની તથા ક્રિયાઓની વિશેષ વિગત દર્શાવી છે. બીજા રાયપસેણીમાં પરદેશીરાજા અને કેશીમુનિ વચ્ચે જીવ, તેની શાશ્વતતા વીગેરે બાબતોના પ્રશ્નોત્તરોનો યુક્તિયુક્ત સંગ્રહ છે. શ્રીજીવાજીવાભિગમમાં જીવનું સંપૂર્ણ સ્વરૂપ અને તેને લાગતો કર્મમળ તેમજ જૈનધર્મ શું છે, તે સમજાવેલું છે. પન્નવણાજી આત્મા અને બીજા પદાર્થો વિષેના જ્ઞાનથી ગુંથાએલ છે જંબુદ્વીપપન્નત્તિમાં તે દ્વીપનું સ્વરૂપ અને સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિઓમાં જ્યોતિષચક્રને લગતું ગ્રહ, તારાદિનું બ્યાન છે. નિયાવલીયા નર્કનું ચિત્ર ખડું કરે છે અને કપ્પવડિંસીઆ કલ્પોનું યા તો બાર દેવલોકનું વર્ણન કરે છે. પુપ્ફિયા સ્વર્ગનું, વિમાનોનું અને તેમાં જવાના માર્ગોનું તથા ત્યાં ગયેલા વા જનારના અધ્યવસાયોનું વૃતાન્ત આપે છે. પુપ્ફચુલીયા-સાધ્વી પુષ્પચુલાના જીવન તથા ગુણોને લગતું છે અને બારમું વન્હિદશા-વિશ્નુકુટુંબમાં થયેલા મોટા મોટા મનુષ્યોનું કથાનક કરી દ્વારકાનો જય મન પર જય તથા મોક્ષપ્રાપ્તિ વીગેરે વસ્તુઓનું સ્વરૂપ નિરૂપણ કરે છે.

છેદ ગ્રંથોમાં પાપનો નાશ શી રીતે કરવો તે તથા સાધુ સાધ્વીઓએ આહારપાણી વસ્ત્રપાત્ર વિગેરે કેવી રીતે લેવાં તેના નિયમો તથા તેનો ભંગ થાય તો તે માટેની શિક્ષાઓ-આદિ છે.

મુળગ્રંથમાંના દશવૈકાલિકમાં-કાળના વિભાગ પ્રમાણે સાધુઓ માટેના નિયમો વિગેરે મહત્વની બાબતો છે. ( ચાલુ. )

લે. મોહનલાલ ડી. ચોકસી.

# [ श्रीयुत–विजयधर्मसूरिजीके लेखका जवाब. ]

## ( जैनश्वेतांबर धर्मोपदेष्टा–विद्यासागर–न्यायरत्न महाराज शांतिविजयजी तर्फसें–मुकाम थाना, मुल्क कोकन. )

ફિર–શ્રી વિજયધર્મસૂરિ લિખતે હૈકિ–પૂજા–આરતી વિગેરાની બોલીનું દ્રવ્ય–સાધારણ-ખાતે લઇ જવાની કલ્પનામાં કંઈ દોષ જોવામાં આવતો નથી, કારણ કે બોલી બોલવાનો રિવાજ–અમુક વર્ષ–અગાઉ–સુવિહિત આચાર્યો–અને સંઘે અમુક કારણને લઇને દેશકાલાનુસાર દાખલ કરેલો જોવાય છે.

(જવાબ) જોવાય છે, ઐસા કહનેસે કામ નહી ચલેગા, કિસી જૈનશાસ્ત્રકા સબુત દેના ચાહિયે–ઔર યહભી બતલાના ચાહિયેકિ–અમુક સંવતમેં અમુક સુવિહિત આચાર્ય-કે વખ્ત–યહ બોલી બોલનેકા રવાજ ચલા, વિના સબુતદિયે–ઐસીબાતેં લિખના–કૌન મંજુર કરેગા–પૂજા આરતીકી બોલી–તીર્થંકર દેવકે નામસેં બોલી જાતીહૈ,–જિસકે નામસેં બોલી બોલી ગઇ હો,–વો–ઉસી ખાતેમેં જાવે યહ એક થોડા પઢાહુવા શખ્સભી સમજ સકતા હે ઉસ બોલી કે દ્રવ્યકો સાધારણખાતેમેં લેજાનેકી કલ્પના કરના યહ આપકેહી મનસે ફરમાતે હો–યા–કોઈ જૈનશાસ્ત્રભી ફરમાતા હૈ. બોલીકા દ્રવ્ય સાધારણખાતેમે બદલ દિયા તો–ફીર બોલી–બોલના વૃથા હો ગયા–ઔર–યહભી સોચ લો ! બોલીકી સનંદ કયા રહી? એક શખ્શ કે–નામસે–એક કન્યાકી સગાઇ કિઇ–ઔર–ફિર ઉસમે દુસરેકી કલ્પના કરકે દુસરેકાં વિવાહ દિની–કયા યહ બાતભી કોઈ અકલમંદ મંજુર કરસકેગા–એક લડકા એક શખ્શ કે નામપર–ગોદી લિયા, ઔર ફિર કલ્પના કરકે દુસરે શખ્શ કે નામપર બેઠા દિયા કયા ! યહભી કોઇ ન્યાય હે ? બડે આશ્ચર્યકી બાત હૈકિ–ઐસી કલ્પના–શ્રી વિજયધર્મ-સૂરિજીને કિસ જૈનશાસ્ત્રસેં નિકાલી–ઇસકા–કોઇ સબુત બતલાવે. વિના સબુત જૈનસંઘ ઇસબાત કૈસે મંજુર કરેગા ?–શ્રીવિજયધર્મસૂરિ ખુદ ઇસબાતકોં સોચે—

આગે શ્રીવિજયધર્મસૂરિજી–અપની પત્રિકા નંબર–દો–કે ચતુર્થ પૃષ્ટપર બયાન કરતેહૈ,–ત્યારે બોલીનો–રિવાજ–શા માટે જોઇએ, ભક્તિ કરવાને પ્રસંગે બલવાન નિર્બલ ઊપર–ધની–નિર્ધન ઊપર અને વિદ્વાન્ પામર ઊપર–આક્રમણ–ન–કરે.

(જવાબ) યહબાત શ્રીયુતવિજયધર્મસૂરિકી–યુક્તિ પ્રમાણસે 'રહિતહૈ, રાજા–કુમારપાલકે વખ્તમેં દિવાનને–જ્યાદા રકમ બોલકર–અપની ભાવનાસે ધર્મકામકા આદેશ પાયાહૈ, કઇ વખ્ત દેખા ગયા હૈકિ–શેઠ બેઠે રહે ઔર–નોકર જ્યાદા રકમ બોલકર પૂજા–આરતીકા આદેશ પાતા હે, જોરદાર આદમી બેઠા રહે, ઔર પતલા આદમી જ્યાદા રકમ બોલે તો પૂજા આરતીકા આદેશ પાતાહે; વિદ્વાન્ બેઠા રહતાહૈ; ઔર થોડા પઢાહુવા શખ્શ અપની ભાવનાસે જ્યાદા રકમ બોલકર–આદેશ પાતાહૈ–શ્રીયુત–વિજયધર્મસૂરિજીને યહ કયા કહા

દિયાકિ-બલવાન્ નિર્બલપર આક્રમણ-ન-કરે ઇસલિયે બોલીકા રવાજ ચલાહૈ, ઇન્સાફ સે-ઔર શાસ્ત્રસબુતસે-શ્રી વિજયધર્મસૂરિજીકા કહના ઠીક નહી,-બાજારમેંભી-દેખલો ! કોઇ-ચીજ લીલામ હોતી હો ચાહે જવાહિરાત હો-યા-કપડા હો, જો શખ્શ જ્યાદા રકમ બોલ-તાહૈ, વહી-ઉસ ચીજકોં પાતા હૈ, ઇસમે બલવાન ઔર નિર્બલકી કયા ગિનતી રહી ?-ઇસ-લિયે બલવાન નિર્બલપર આક્રમણ-ન-કરે ઇસલિયે બોલી બોલનેકા રવાજ ચલાહૈ, એસા કહના, રદ્દ-હોગયા, શ્રીવિજયધર્મસૂરિ-સૌચસમજકર-ઇસબાતકોં ફિર સુધારે અગર કહા જાય બોલી બોલતે વખ્ત કભી કભી તીર્થોમેં-ઔર-મંદિરોમેં-તકરાર હોજાતીહૈ-

(જવાબ) તકરાર-ન-કરના ઐસા ઉપદેશ દેના, મગર પૂજા આરતીકી બોલી-જો-અપને મનોભાવનાસે હોતીહૈ,- ઉસકો બુરી કૈસે કહ સકતેહો-તકરાર કરે ઉસકી ભૂલ હૈ, વો પાપકા ભાગી બનેગા,-બોલી બોલતે વખ્ત સાફ સાફ કહા જાતા હૈ, ભાઇઓ ! ચઢતા પરિણામ રખો-નાણું-મલશે પણ-ટાણું નહી મલશે,—મેનેભી હરજગહ હિંદમે મુસાફરી કિઇ હૈ, ગાંવગાંવ-ઔર-શહર શહરમે ભાવનાસે બોલી બોલતે હૈ, એક વખ્ત પુના શહરમેં જબ-મેરા ચૌમાસા-થા-એક વિધવા શ્રાવિકાને અપની ભાવનાસેં બોલી બોલકર તીર્થંકર મહાવીરસ્વામીકા પારણા અપને ઘર લેજાનેકા આદેશ પાયાથા-પંડિત બેચરદાસ કહતેહૈ-બહુત કરકે વાંઝિયાશ્રાવક-તીર્થંકર દેવોંકા-પારણા-અપને ઘર લે જાતે હૈ-ઇધર-શ્રીવિજય-ધર્મસૂરિજી ફરમાતે હૈ, બોલી બોલતે વખ્ત કભી કભી તકરાર હોજાતી હૈ. ઇન્સાફ કહતા હૈ, આપલોગ શ્રાવકોંકોં ઐસા ઉપદેશ દો-જિસસે તકરાર-ન હોને પાવે-ફર્જ કરો। એક શ્રાવકને તકરાર કિયી તો-કયા-દુસરે શ્રાવક શાંતિકરાને વાલે નહી હૈ,ઇનબાતોંસેં પૂજા આરતી વગેરાકી બોલી બોલના ગલત નહી ઠહરસકતા,-કભી-વ્યાખ્યાનસભામેંભી તકરાર હો જાતી હૈ,-તો-કયા વ્યાખ્યાન બાચના બુરા કહોગે ? કભી નહી, કભી પ્રતિક્રમણ કરના બુરા કહોગે ? હર્ગિજ નહી, તીર્થંકર મહાવીરસ્વામી કે સામને ગોશાલા મંખલીપુત્રને તકરાર કિઇથી, જમાલીજીને એક બાત પર-તીર્થંકર મહાવીરસ્વામીસેં મતભેદ કિયાથા. ઔર અલગ હો ગયે થે,-ઇસસે કયા ! તીર્થંકર-યા-ઉનકા સમવસરણ બુરા હો ગયા,-કભી-નહી,-અછે આદમીકો મુનાસિબ હૈ, અગર અપને કપડેમેં જૂ-પડે-તો-ઉસ-જૂકોં-નિકાલકર ફેંક દેવે,-મગર કપડેકોં કભી-ન-ફેંકે, ઇસી તરહ તકરારકોં છોડના,-મગર-તીર્થંકરોકી ભક્તિસે બોલી બોલના નહી છોડના, દુનિયાકે કામમેં હજારાં-લાખાં રૂપયે ખર્ચ કર દેતે હૈ,-ધર્મમેં બોલી બોલકર શુભ ભાવસે-દેવદ્રવ્યકી-વૃદ્ધિ કિઇ-તો-કયા બુરા કિયા ? બલ્કિ ! અછા કિયા જાનના ચાહિયે, દેવ નિમિત્ત પૂજા આરતિકી બોલી બોલકર ઉસ રકમ પર-સાધારણ ખાતેકી છાપ મારના-ઔર ઉસ દેવદ્રવ્યકો સાધારણ ખાતેમેં બદલ ડાલના અછા નહી.-કોઇ જૈનશાસ્ત્ર ઇસબાતકોં મંજુર નહી કરતા, દાખલે દલિલોસેં ભી-યહ બાત-યુક્તિયુક્ત નહી હો સકતી, ગરીબ શ્રાવકો મદદ કરના હો-તો સાધારણખાતેકા અલગ ચંદા કરો. દેવદ્રવ્યકી રકમમેં કલ્પના કરકે સાધારણખાતા બનાના ઔર-વો-દ્રવ્ય ગરીબ શ્રાવકકો દેના,-કૌન શખ્શ ઇસ બાતકો-સ્વીકાર કરેગા, કઈ ગરીબ શ્રાવક એસા કહતે હૈ,-હમ-ભુખે પ્યાસે બેશક ! રહેગેં, મગર દેવનિમિત્ત બોલી બોલકર-સાધારણમેં લાઇ હુઇ રકમ હમ કભી-નહી લેયગેં.-અગર કહા જાય-પૂજા આરતીકી બોલીકે ભાવ-ગાંવગાંવમે શ્રાવકોને કલ્પિત બાંધ રખે હૈ, કિસી ગાંવમેં ચાર રૂપયે મણ-ઘીકા ભાવ રખા હૈ, કિસી ગાંવમેં

દો–રૂપયે મણુ–ઔર કિસી ગાંવમેં–અઢાઇ રૂપયે મણુ–ધીકી બોલીકે–ભાવ કલ્પિત હૈ.–

(જવાબ) ધીકે ભાવ કલ્પિત નહી હૈ,–બલ્કિ ! આપ–જોફરમાતે હોકિ–પૂજા આરતિકી બોલી દેવકે નામસે–બોલકર–ઉસમે–સાધારણુકી કલ્પના કરો, યહ બાત–કલ્પિત હૈ,–ઔર ફિર તારીફ યહ હૈ કિ આપ કિસી જૈન શાસ્ત્રકા પાઠ ભી નહી બતલા સકતે, શ્રી વિજયધર્મસૂરિ–આપની પ્રરૂપણાકો–પાયેદાર બનાના ચાહતે હૈ–તો કિસી જૈન શાસ્ત્રકા પાઠ લાવે, ઔર સાબીત કરેકિ–દેવ નિમિત્ત પૂજા આરતિકી–બોલી બોલકર સાધારણ ખાતેમેં કલ્પના કરે તો કુછ દોષ નહી, જબતક ઐસા સબુત–ન–દેયગે–ઔર બારાં વસ તક ઐસી ચર્ચા ચલાતે રહેગેં તો ભી–કયા હુવા ? સબ જૈનસંઘ શાસ્ત્ર–સુન ચુકા હૈ, અબતક ઐસી અશ્રાદ્ધા–તો જૈનસંઘમેં નહી આગઇ હૈ–જો–દેવદ્રવ્યકી–રકમકો–સાધારણમે ખેંચકર–ખાના અચ્છા સમજે–કિસી દેશમેં ધીકે ભાવ–અઢાઇ રૂપયે મણુ ભી હોતાથા બાદશાહ અકબરકે જમાનેમેં–અઢાઇ રૂપયે મણુ ધી–થા.

આગે તારિખ ૨૧ માર્ચ–સન ૧૯૨૦ કે–જૈન પત્રમે શ્રી વિજયધર્મસૂરિજી લિખતે હૈ; શ્રીકર્પુરવિજયજીનો–લેખ તમે વાંચ્યો હશે,–તેમણે–મારા કરતાં પણ અધિક વાત લખી છે.—

(જવાબ) તારિખ ૨૫ એપ્રીલ સન ૧૯૨૦ કે જૈન પત્રમેં સદ્ગુણાનુરાગી–મુનિશ્રી કર્પુરવિજયજી–સાફ–સાફ લિખતે હૈ. પૂજા–આરતીની બોલીનું દ્રવ્ય–પ્રભુ નિમિત્ત હોવાથી અન્ય ખાતે લઇ જવા અમારો અભિપ્રાય નથી. દેખિયે–શ્રીયુત–વિજયધર્મસૂરિજી ! યહાં આપકે અભિપ્રાયસે–સદ્ગુણાનુરાગી–મુનિશ્રી કર્પુરવિજયજીકા અભિપ્રાય જુદા હો ગયા,–શ્રી વિજયધર્મસૂરિજીને–શ્રી કર્પુરવિજયજી–ઐસા કરકે લિખા, મગર–સદ્ગુણાનુરાગી નહી લિખા, મુનિ–શબ્દભી નહી જોડા,–ઇન્સાફ કહતા હૈ, કિસીકા નામ લિખના તો–ઉનકા પુરા નામ લિખ કર પેસ આના ઠીક હોતા હૈ,–અગર કોઇ આચાર્યપદકે ધારક–યા–ઉપાધ્યાય–યા–ગણિપદકે ધારક કયોં–ન–હો–જબ જબ લેખ લિખના તો ઉનકે નામકો–માનપૂર્વક લિખના ચાહિયે–યહ–એક ન્યાય હૈ.

તીર્થંકરકી પૂજા–આરતીકી બોલી બોલનેવાલા–શ્રાવક–અપને દિલમેં–ઐસી ભાવના લાતા હૈ,–મેરે કમનસીબકો અસા યોગ કહાંથા ! શાબાશ હૈ–મુજે–આજ પૂજા આરતી કરનેકા મૌકા મીલા, રૂપયે પૈસે આજ હૈ,–કલ–નહી, ઇસ તરહ ઉદાર દિલસે દેવનિમિત્ત દ્રવ્ય બોલતા હૈ,–વો–દેવદ્રવ્ય હુવા. વો–દ્રવ્ય જિનમંદિર–ઔર–જિનમૂર્ત્તિકે શિવાય–દુસરે ક્ષેત્રમેં લગે નહી, અગર કહાજાય–જો–ક્ષેત્ર સિદાતા હો, ઉસમેં લગાના–શાસ્ત્રોકા હુકમ હૈ,–તો–જવાબમેં–માલુમ હો,–દેવદ્રવ્ય દેવકે કામમેં લગે,–જ્ઞાનદ્રવ્ય–જ્ઞાનમેં–ઔર–ચતુર્વિધ સંઘનિમિત્તકા–દ્રવ્ય–ઉનહી–ચાર ક્ષેત્રોમેં–યથાક્રમસે લગે, ઇનમેં દુસરી તરહકી–કલ્પના–હો સકે નહી.—

ફિર તારિખ ૪ એપ્રીલ સન ૧૯૨૦ કે જૈન પત્રમેં–શ્રી વિજયધર્મસૂરિ તેહરીર કરતે હૈ,–ઔષધની જરૂર માંદા માણુસનેજ–પડે છે.–નહી–કે–નિરોગી માણસને,–પુષ્ટક્ષેત્ર પોષ્યાજ કરવું–એ–જાણી જોઇને તેના નાશનેજ માર્ગ બતાવવા જેવું નહી તો–બીજું શું છે ?

(જવાબ) સાધારણખાતેકો–શ્રી વિજયધર્મસૂરિજી–બીમાર સમજતે હૈ,–ઔર–ઉસકો દવા દેનેકી જરૂરત સમજતે હૈ, દેવદ્રવ્યખાતા પુષ્ટ સમજકર–ઉસકો પુષ્ટ કરનેકી જરૂરત

નહી સમજતે,–યહી બડી ગલતીકી બાત હૈ; પુરાને જૈનતીર્થ–ઔર–પુરાને જૈનમંદિર–જો–બીના મરમ્મત બીમાર પડે હે,—ઊનકો દેવદ્રવ્યરૂપી દવા દેકર પુષ્ટ કરના અછા કયોં નહી સમજતે, ? જિનકી મરમ્મત હોના પહલે જરૂરી હૈ; અગર કહા જાય શ્રાવકોકે હસ્તગત દેવદ્રવ્ય પડા હૈ; વે અપના ઊપદેશ માનતે નહી.

(જવાબ) નહી માનતે તો વે શ્રાવક દોષકે ભાગી હૈ, ઊનકી કરનીકા ફલ વે પાયગે, ધર્મમેં જબરજસ્તી નહી હો સકતી. દેવદ્રવ્ય પડા રહે,–ઔર–પુરાને જૈનતીર્થ–ઔર–મંદિર બીના મરમ્મત સિદ્ધાતે રહે–યહદોષ દેવદ્રવ્ય કે ટ્રષ્ટીઓ–ઔર–વહીવટકર્ત્તાઓ કે સીરપર હે.–અપને રહનેકે લિ મકાન કોઠી ઔર–બંગલે બનાના,–ઔર–જિનમંદિરોકી મરમ્મત દેવદ્રવ્ય સેં કરવાનાભી–નહી બને યહ શ્રાવકોકી બડી ભૂલ હૈ, આજ કલકે શ્રાવક અપને કામમે પુરે–ઔર ધર્મકે કામમેં અધુરે હૈ,–ઇસસેં જયાદા ઔર કયા કહે, આજ કલકે યુવક શ્રાવક–ઔર–સુધારકવર્ગકા દાવા રખને વાલે શ્રાવક તો–યહાં તક–કહતેં હૈ કિ–પ્રતિષ્ટા–રથયાત્રા–ઉધાન–ઔર–તીર્થયાત્રા કે સંઘ નિકાલનેકી હાલ જરૂરત નહી, ગરીબ શ્રાવકકોં મદદ દેને કી જરૂરત હૈ, મેં–કહતા હું,–વિવાહ સાદીમેં હજારા રૂપયે લગાનેકી જરૂરત નહી, ઊસમે થોડે રૂપયે ખર્ચ કરકે બાકીકે રૂપયે ગરીબ શ્રાવકકો મદદ દેના ચાહિયે, –માતપિતાકે કારજમે હજારાં રૂપયે કયોં ખર્ચના,–બાગબગીચે–બંગલે ઔર–બડે બડે મકાન બનાનેકી કયા જરૂરત હૈ; ઇન બાતો મેં થોડા ખર્ચ કરો ઔર બાકી રૂપયે ગરીબ શ્રાવકોકોં મદદમે દેદો,–તો–અછા હે,–મગર ઇસ બાતકો કૌન સુનતા હે,–ખેર ! અબ અસલી બાત પર ખ્યાલ કિજિયે,–

શત્રુંજય–ગિરનારતીર્થોમેં લાખાં રૂપયે દેવદ્રવ્ય કે પડે રહે ઔર પુરાને મંદિરોકી મરમ્મત–નહી કિઈ જાય યહ શ્રાવકોકી કિતની બડી ગલતી સમજના ? મેરા જાના, જબ તીન વર્સ પહલે–ગિરનાર તીર્થ પર હુવા થા,–વહાંપર–રાજા સંપ્રતિકા–વસ્તુપાલતેજપાલકા–ઔર–રાજા કુમારપાલકા–બનાયા હુવા મંદિર–અપની નજરસે દેખા થા, બહારકી દિવારેં ઔર શિખર ઐસે હો ગયે હે,–અગર–જમાને હાલમેં–મરમ્મત નહી કરવાઇ જાયગી તો–ચંદરોજ બડા નુકસાન હોગા, મગર શ્રાવકલોગ સુનતે નહી, યહ ઊનકી બડી ભુલ હે.

શ્રીવિજયધર્મસૂરિજી–લિખતેહૈ–પુષ્ટક્ષેત્રકો પોષ્યા કરના યહ માર્ગ ઊસકે નાશ હોનેકા સૂચક હૈ;

( જવાબ ) યહ બાત ઠીક નહી,–અગર આજકાલ જૈનશ્વેતાંબર શ્રાવકોકે–પાસ જિતના દેવદ્રવ્ય જમા હૈ,–ઉસસે દશગુનાભી જ્યાદા હો,–તોભી–મરમ્મત કરને કે લિયે થોડા હૈ,–ઇસિ લિયે દેવદ્રવ્યકો પુષ્ટ સમજના ઠીક નહી હૈ,–હાં ! શ્રાવક લોગ–જીર્ણોદ્ધારમેં–લગાતે નહી, યહ ઉનકી ભુલ હે,–દેવદ્રવ્ય બઢ ગયા હૈ,–ઇસલિયે દેવ નિમિત્ત પૂજા–આરતીકી બોલી બોલકર ઊસમેં સાધારણ ખાતેકી કલ્પના કરના, ઐસા–જો–શ્રીવિજયધર્મસૂરિકા કહના હૈ,–યહ કલ્પના–કિસ જૈનશાસ્ત્રકે સબુતસે કરના–ઇસિકા પુરાવા શ્રીવિજયધર્મસૂરિજી–બતલાવે–જબ–જૈનસંઘ–મંજુર કરેગા, કોરી બાતોંસેં કામ નહી ચલેગા.

# મુનિશ્રીઅમૃતવિજયજી.

સમાજસુધારણાના અંગે વિવિધ વિષયનો ઉપદેશ અપાય છે, ટીકાઓ થાય છે; તેની સાથે એક અગત્યના અંગ તરફ સુજ્ઞ લેખકોએ ધ્યાન આપવા જેવું છે અને તે એ છે કે સંઘમાં જે અનુકરણીય વ્યક્તિઓ થઇ જાય, જેઓનાં જ્ઞાન અને ચારિત્ર નિર્મળ હોય, વિવિધ પ્રકારના સદ્દગુણોથી જેઓએ પોતાનું જીવન પુરૂં કરેલ હોય, તેવા પુરૂષોનાં દ્રષ્ટાંતો સમાજ આગળ મુકવાં, તેમ કરવાથી સમાજને ઘણું જાણવાનું અને અનુકરણ કરવાનું મળે છે.

સમાજ યા લોકસમુદાયમાં અનુકરણ ટેવ રહેલી છે. અનુકરણ સારૂં અને નઠારૂં, એમ બે પ્રકારનું હોય છે અને તે અનુકરણ કરનારની રૂચી ઉપર આધાર રાખે છે. અનાદિથી કુસંસ્કારોનું અનુકરણ કરવામાં જીવ બહુ કુશળ હોય છે. પાણીને નીચાણ તરફ વહેવામાં કોઈ ગતિ આપવાની જરૂર પડતી નથી પણ તેને સપાટીથી ઉંચે ચઢાવવું હોય છે ત્યારે ગતિ આપવાની જરૂર પડે છે અને તેને માટે પ્રયાસ પણ કરવો પડે છે. પાણી ઉંચે ચઢાવવાનું કારખાનું જોવાથી જણાઇ આવશે કે જેટલે ઉંચે પાણીને લઈ જવાની ધારણા હોય છે તેટલી ઉંચાઇવાળી પાણીની ટાંકીઓ ગોઠવી, યંત્રદ્વારા પાણીને ઉંચે લઈ જઇ પછી નળદ્વારા લઇ જવાથીજ તેટલા (ધારેલા) લેવલની ઉંચાઇ સુધી પાણી લઈ શકાય છે. એજ ન્યાયે સમાજને જેટલા ઉંચા લેવલ પર લઇ જવા ધારણા હોય, તેટલા ઉંચા સદ્દગુણોને ધરાવનારા, કર્તવ્યપરાયણશીલ, જ્ઞાની, ધ્યાની, તપસી, અનેક સદ્દગુણો ધરાવનારા, જે જે રત્નો સમુદાય કે સંઘમાં ઉત્પન્ન થઇ જાય તેમના જીવનચરિત્રની શોધ કરી સમાજ આગળ મુકવાથી સમાજને યા ભવિષ્યને માટે ઘણી સારી અસર ઉપજાવી શકાશે.

જૈન પ્રાચીન સાહિત્યમાં કથાનુયોગનો જે એક ભાગ છે, તે કથાનુયોગમાં શંકાને સ્થાનજ નથી; છતાં પ્રાચીનતાના લીધે કેટલીક વખત ચરિત્રોને દંતકથા અને કલ્પનાઓનું રૂપક પણ આપવાનું સાહસ કરવામાં આવે છે, પરંતુ થોડા કાળમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિઓના સંબંધમાં એ શંકાને સ્થાનજ નહિં રહે.

હાલમાં ચરિત્રો લખાવાનાં તે વર્તમાન કાળમાં થયેલી વ્યક્તિઓનાં–વર્તમાનમાં અતિશય જ્ઞાનીઓનો અભાવ છે; અને જે વ્યક્તિઓનું ચરિત્ર લખવામાં આવે, તે સર્વ સદ્દગુણસંપન્ન કદાપિ ન હોય, તોપણ સમાજમાં જેમનું જીવન ઉંચ્ચ કોટીનું હોય, સમાજમાં જેમના માટે ઘણા ભાગે માન હોય, પોતાના ઉંચ્ચ જીવનથી જેમણે સ્વપર કલ્યાણ કિંવા ઉપકાર કરેલા હોય અને વીતરાગપ્રણીત માર્ગનું આલંબન પકડી ગૃહસ્થ વા સાધુ જીવન ઉંચ્ચ રીતે ગુજારી જીવનને સફલ કર્યું હોય, તેવાં દ્રષ્ટાન્ત બેશક સમાજને કોઇપણ રીતે ઉપકારક નીવડયા શિવાય રહેશે નહિ. એવી વ્યક્તિઓ પ્રસિદ્ધિમાં થોડી હોય છે. અપ્રસિદ્ધ વ્યક્તિઓ સમુદ્રના રત્નની જેમ સમાજમાં હોય તો તેઓની હયાતીબાદ તેમને સમાજ આગળ લાવવાને જરૂર પ્રયત્ન કરવો જોઇએ.

આટલું લખવાનો પ્રસંગ જે કારણથી ઉદ્દભવ પામેલ છે, તે મુનિ અમૃતવિજયજીના

અંગે છે. આ મુનિ પ્રસિદ્ધ જગમાન્યઆચાર્યમહારાજ શ્રીમદ્ આત્મારામજીમહારાજના પ્રશિષ્ય હતા.

તેમનાં માતપિતા, જન્મ, દીક્ષા લેવાનાં કારણો ઇત્યાદિ બાબતોની શોધ કરવાને મહેનત લીધી નથી; પણ તેમના સહવાસમાં આવવાના પ્રસંગો એકથી અધિક વખત આવેલા તે ઉપરથી એમના માટે મારા મનમાં ઘણા ઉંચા વિચારોએ પ્રવેશ કરેલો હતો. તેઓ થોડા દિવસ ઉપર અમદાવાદમાં કાળધર્મ પામ્યા, માસીકોમાં તેમના માટે જુજ હકીકત આવેલી વાંચી, તેથી મનને સંતોષ થયો નહિ. એમનામાં મુખ્યત્વે જે જે ગુણો માલમ પડયા તે તે ગુણોનુંજ વિવેચન કરવા ઉચિત ધારૂં છું.

૧ સદ્‌ગત મુનિ અમૃતવિજયજીની શરીર સંપત્તિ સારી ન હતી, શરીર કૃશ અને નિર્બળ રહેતું, તોપણ તેમનામાં શ્રદ્ધા ગુણ સારો હતો.

મુનિના આચાર અને ચારિત્ર નિર્મળપણે પાળવાને તેઓ બહુ કાળજી ધરાવતા હતા. મુનિમાર્ગની પ્રવૃત્તિ કરવામાં, નિત્યકૃત્યમાં તેઓ ઉદ્યમવન્ત રહેતા અને જે જે ક્રિયાઓ કરવાની હોય તે નિર્દોષ રીતે કરતા, તેમાં પ્રમાદ ન થાય તેના માટે ઘણા સાવધાન રહેતા. સમ્યક્‌ક્રિયા એ દુર્ધ્યાનને રોકનાર અને ચારિત્રધર્મને પુષ્ટિ કરનાર છે,

૨ તેઓએ પોતાના ચારિત્રકાળની શરૂઆતમાં સિદ્ધાંતનો અભ્યાસ કરેલો હતો. સંસ્કૃત અને પ્રાકૃત બોધ પણ હતો. હમ્મેશાં શાસ્ત્રનું વાંચન તેમનું ચાલુ જ હતું, શાસ્ત્ર-વાંચન શિવાય, બીજા વાંચનનો પણ તેઓને શોખ ન હતો. વર્તમાનમાં સાધુવર્ગમાં કેટલાક ફક્ત રોજીંદા, અઠવાડીક, અને માસીક પેપરોના વાંચનમાં જ ઘણો કાળ કાઢે છે, એ રીત પ્રશંસનીય નથી. બેશક વર્તમાન સમયના સમાચાર જાણવાને જો પોતાને શોખ હોય તો દરરોજ અમુક વખત મુકરર કરવો જોઇએ, પણ તેને બદલે દિવસનો ઘણો ભાગ એ ખાતે કાઢવો એ તો તેમના પોતાના આત્માને અને સમાજને બન્નેને હિતકર્તા નથી.

૩ મુનિઅમૃતવિજયજીમાં શાંતગુણ પ્રધાન હતો, તેઓની મુદ્રા શાંત હતી અને પ્રકૃતિ પણ એટલી બધી શાંત હતી કે કોઈ પણ પ્રસંગે તેઓ ઉગ્રતાના કારણ મળવા છતાં પણ ઉગ્ર થતા નહિ.

૪ તેઓની ભાષા મધુર હતી. તેમનામાં કટુકતા પ્રાયે હતીજ નહિ, મિતભાષી હતા, જરૂર કરતાં વધારે બોલવાનો તેમનો સ્વભાવજ નહોતો.

૫ સહનશક્તિ—આ ગુણ તેમનામાં અલૌકિક હતો. તેઓનું શરીર હંમેશાં વ્યાધિ-ગ્રસ્ત રહેતું, તેમાં છેવટના કેટલાક વર્ષથી તેઓને હરસના દરદનો ઉપાડ થયો હતો, તેના લીધે હંમેશાં લોહી પડતું; વેદના થતી વખતે પીડાતા તોપણ તેવા પ્રસંગે પણ તેઓ ગ્લાનિ નહી પામતાં કર્મોનું સ્વરૂપ વિચારતા અને પોતે બાંધેલાં અશાતાવેદની કર્મના વિપાકોદયના લીધે જે દુઃખ થાય તે સહન કરવામાંજ આત્મહિત છે એમ તેઓ માનતા હતા.

૬ વિહાર—શરીરનિર્બળતાનું નિમિત્ત બતાવી, એકસ્થાને તેઓ રહેતા નહોતા. પગે વિહાર કરી શાસ્ત્રમર્યાદા પ્રમાણે વર્તતા.

૭ નિરાભિમાનપણું—તેઓ હંમેશાં પોતાની લઘુતા ભાવતા હતા અને ગુણી પુરૂષો

મહાત્માઓના ગુણાનુવાદ કરતા હતા. અધિક ગુણીના ગુણોની અનુમોદના આત્માને ઉચ્ચ કોટીમાં લઈ જાય છે. આ ગુણ ખરેખર અનુકરણીય છે. ગુણાનુરાગીપણું એ મહાન ગુણ છે. શાસ્ત્રકારોએ એ ગુણને ઘણું મહત્વ આપ્યું છે. એ ગુણ એમનામાં સારી રીતે જણાઈ આવતો હતો.

ઈત્યાદિ સદ્‌ગુણોયુક્ત જીવન ગુજારનાર મુનિ અમૃતવિજયજી પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા છે. આપણે તેમના ગુણોનું અનુમોદન કરી આપણા આત્માને પવિત્ર કરવો એજ આપણું કર્ત્તવ્ય છે. ત્યાગ અને વૈરાગ્ય એ મુનિઓનું ભૂષણ છે. એ ગુણો એમનામાં સારી રીતે જણાઈ આવતા હતા. આ ગુણોના લીધે શરીરના વ્યાધિની પીડા તેમના મન ઉપર અસર કરી શકતી નહોતી અને તેથીજ તેઓ સમભાવમાં રહેતા હતા.

મહાત્માઓ એ ગુણના આલંબનથીજ જગતના ઉપર પોતાની પ્રભા પાડી શકે છે. સ્વપર ઉન્નતિના બીજરૂપ એ ગુણ છે.

શરીર નિર્બળ અને વ્યાધિગ્રસ્ત છતાં પિંડવિશુદ્ધિના તેઓ ઘણા ખપી હતા. ચારિત્ર પાલનના અંગે નિર્દોષ આહાર, માંડલાના પાંચ દોષ રહિત આહાર લાલસા વિના કરવાથી ચારિત્ર ધર્મની પુષ્ટિ થાય છે. અને તેજ કારણથી ચારિત્રવાન સાધુઓ શરીરની પરવા કર્યા શિવાય શુધ્ધ આહાર મેળવવાને જે તકલીફ સહન કરે છે તે ખરેખર અનુમોદનીય છે.

આ પ્રમાણે મુનિ અમૃતવિજયજી જીવન પર્યંત શુધ્ધ ચારિત્રધર્મનું આરાધન કરી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

આવા શુદ્ધ જીવન ગુંજારનાર મુનિ મહારાજના સહવાસનો લાભ જેઓને મળે છે, તેઓને તો મનથી તેમના ગુણોનો અનુભવ થાય છે. તેમના ગુણોનું જેઓ ચિંતવન કરે છે, તેમને પણ લાભ થયા શિવાય રહેતો નથી.

લે. વકીલ નંદલાલ લલુભાઈ.

# સુંદર રાજાની સુંદર ભાવના અને શીલ સત્ત્વની કસોટી.

( ગતાંકથી ચાલુ. )

## પ્રકરણ પાંચમું ( ચાલુ )

—:૦:—

શેઠનું આ કાર્ય ઉંડા વિચાર વિનાનું હતું એમ કહ્યા વિના ચાલી શકે એમ નથી. જો કે શેઠની રગેરગમાં ધર્મપ્રેમ રમી રહ્યો હતો, પણ ધર્મનું તાત્વિક રહસ્ય શેઠથી હજુ

અજ્ઞાત હતું. જો શેઠે કાર્ય કરતાં પહેલાં પોતાની સુંદર વિચારમાળાને અવકાશ આપ્યો હોત તો તે કાર્યનું આવું હૃદયભેદક પરિણામ ન આવત, જે ઉદ્દેશથી આ કાર્ય કર્યું હતું તે ઉદ્દેશ સંપૂર્ણતાથી સફળ થાત અને દુઃખી પીતાપુત્રને તીવ્ર દુઃખ નહિ પણ દુઃખમાં દિલાસો મળત. જો તે અવસરે બાળકોને આવી ત્રાસદાયક સજા નહિ કરતાં શાંતિના વચનોથી તે અયોગ્ય છે, અકાર્ય છે, હિંસક છે, આવું અન્ય પ્રાણીઓના પ્રાણનું ઘાતક કાર્ય નિર્દય છે વિગેરે વિગેરે વચનોથી સમજાવ્યું હોત તો તેના પરિણામે તેવાં કાર્યોથી નિવૃત્ત થઇ બન્ને બાળકોના હૃદયમાંથી હિંસક પરિણામ સદાને માટે સમૂલ નાશ કરી શકાત. સંપૂર્ણ સૃષ્ટિમંડળમાંથી પોતાના નિર્મળ ઉપદેશદ્વારા અથવા વિશુદ્ધ વર્ત્તનદ્વારા એક પણ પ્રાણીનો ઉદ્ધાર થયો તો પોતાનું સમગ્ર મનુષ્યજીવન સફળ થયું એમ સમજવું, કેમકે વિશુદ્ધ ધર્મના સંસ્કારવાળો એકજ ધર્મી અનેક જીવોના જીવિતવ્યને અભયદાન આપવાવાળો થાય છે અને ઉપદેશદ્વારા બીજાઓ પાસે અપાવવાવાળો પણ થાય છે, પરંતુ જેમ હીરામાણેક વિગેરેના સત્ય સ્વરૂપથી અનભિજ્ઞ ઝવેરી અમૂલ્ય ઝવેરાતની સત્ય કિંમત ન આંકી શકે તેમ અદ્‌ભૂત કરૂણાવંત પ્રભુનું પવિત્ર શાસન પામીને પણ તાત્ત્વિક કરૂણાના અપૂર્વ સિદ્ધાંતની કિંમત અજ્ઞાનતાના પ્રભાવે શેઠ આંકી શકયો નહિ. ધર્મનું ઊંડું રહસ્ય સમજવું ઘણુંજ મુસ્કેલ છે એટલાજ માટે જગતના કલ્યાણ માટે ચૌદશોચુંમાલીશ આદર્શ ગ્રંથોના પ્રણેતા અસાધારણ બુદ્ધિનિધાન શ્રીમાન્ **હરિભદ્રસુરિશ્વરજી** અષ્ટક પ્રકરણમાં દર્શાવે છે કે—

**सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः ।**
**अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥१॥**

ભાવાર્થઃ—તાત્ત્વિકધર્મના અભિલાષી પ્રાણીઓએ ધર્મનું રહસ્ય તીક્ષ્ણ બુદ્ધિએ જાણવા જેવું છે, અન્યથા સૂક્ષ્મ વિચારણાના અભાવે આધિ વ્યાધિ અને ઉપાધિમય વિષમ સંસારચક્રને વૃદ્ધિ પમાડનાર અધર્મને પણ સ્વર્ગ અપવર્ગના અનુપમ સુખનો અર્પણ કરનાર ધર્મ છે એમ માની તેનું અવલંબન કરતા તે પ્રાણીઓ ધર્મનો વિનાશ કરે છે અને અધર્મના અસહ્ય સંકટોને અનિચ્છાએ પણ ભોગવે છે. જેની ઉપર દૃષ્ટાંતરૂપે દર્શાવેલા એક ઉલ્લેખનું આપણે અવલોકન કરીએ.

સકલ કલ્યાણવેલડીના કંદ સમાન ગ્લાન વૃદ્ધ બાલ આદિ મુનિની કરેલી વૈયાવચ્ચ કદાપિ નિષ્ફળ જતી નથી, અવસ્ય ફળને આપવાવાળીજ હોય છે. આપણા પ્રાચીન અને સુવિહિત શાસ્ત્રકારો જણાવે છે કે—**सव्वं किर पडिवाइ वेयावच्चं किर अप्पडिवाइ** અન્ય સર્વ શુભકાર્યો અવસ્ય ફળદાયી છે એમ સંભવી શકતું નથી. દુનિયામાં જોઇએ છીએ તો ઘણાં કાર્યો એવાં માલૂમ પડે છે કે જે કાર્યો સાનુકુળ સંયોગે ફળ આપે અને વિધાતક સંયોગે ફળ નથી પણ આપતાં પરંતુ કોઈ પણ અવસરે કરેલી ગ્લાનાદિકની વૈયાવચ્ચ પોતાના સુંદર ફળથી વંચિત રાખતીજ નથી. આવા પ્રકારે શાસ્ત્રોમાં દર્શાવેલા ગ્લાનઆદિની વૈયાવચ્ચના અનુપમ લાભને ગુરૂદ્વારા અથવા શાસ્ત્રદ્વારા જાણીને અચિંત્ય લાભનો અભિલાષી કોઇ પ્રાણી એવા પ્રકારનો અભિગ્રહ ધારણ કરે કે આજથી આરંભીને મારે હંમેશાં પ્રશસ્તભાવપૂર્વક જ્વરાદિ વ્યાધિથી પીડા પામતા કોઇપણ ગ્લાનમુનિને ઓષધાદિ સામગ્રીદ્વારા અવસ્ય વૈયાવચ્ચ કરવી. અભિગ્રહ ધારણ કર્યાબાદ કાલાંતરે કોઇ અવસરે તેવા ગ્લાનાદિ

મુનિની પ્રાપ્તિ ન થાય અને તેમની વૈયાવચ્ચનો અપૂર્વ લાભ ન મળે તે અવસરે જો આવા પ્રકારની વિચારણા કરે કે—" અરે ! મારો અભિગ્રહ આજે પૂર્ણ ન થયો, નિર્ભાગ્યશિરોમણીને ચિંતામણીરત્નની પ્રાપ્તિ ક્યાંથી હોય, તેનાં આંગણામાં કલ્પવૃક્ષ ક્યાંથી ફળે, પાપીને પાપના ઉદયે ધર્મ કરવાની સામગ્રીઓ પણ દૂર્લભજ હોય છે, અરે કોઇપણ ગ્લાન મુનિ મને ન મલ્યા જેથી મારી સઘળી મનોરથમાળા નિષ્ફળજ વિલય પામી, જો કોઈ મહાત્મા રોગગ્રસ્ત થયા હોત તો ઘણું સારૂં થાત કે તેમને ઔષધાદિનો ઉપચાર કરીને મારી પ્રતિજ્ઞાને હું અખંડ રાખી રાખી શકત, " તો ધર્મના મર્મને નહિ સમજનારો તે અજ્ઞ પ્રાણી આવી રીતે ગ્લાન મુનિ નહિ મળવાથી ઉદ્વિગ્ન થતો ધર્મના નામે અધર્મનું આચરણ કરવાવાળો થાય છે. જોકે ઉપરોક્ત અભિગ્રહ ઘણો સુંદર છે, પણ અભિગ્રહના સ્વરૂપને નહિં સમજવાથી જો ઉપરોક્ત દુષ્ટ વિકલ્પો ઉપસ્થિત થાય તો પરિણામે ધર્મને બદલે કર્મનો બંધજ થાય છે.

આધુનિક સમયમાં આવી રીતે ધર્મના મર્મને નહિ સમજવાથી ધર્મબુદ્ધિએ અધર્મમાં પ્રવૃત્તિ કરવાવાળાઓના અનેક દાખલાઓ મળી આવે છે. આટલાજ માટે આપણા પરમોપકારી પવિત્ર મહર્ષિઓ ફરમાવે છે કે–પ્રથમ ધર્મના રહસ્યને સમજો એટલે કે '**ज्ञपरिज्ञा**' એ શુભાશુભ માર્ગને પારખો અને ત્યાર પછી તેમાં પ્રવૃત્તિ કરો એટલે '**प्रत्याख्यान परिज्ञा**' એ કરી અશુભ માર્ગનો ત્યાગ કરો અને શુભ માર્ગમાં પ્રયાણ કરો કે જેથી ધર્મને નામે કદી પણ અધર્મ માર્ગમાં પ્રયાણ ન થાય.

કૃપાવાન શેઠ આ અવસરે ભૂલ્યો, અધર્મને દેખી તેનું અંતઃકરણ આવેશમાં આવીગયું અને બીજી બાજુ દૃષ્ટિ નહિ દેતાં કોમળ બાળકોપર કઠોરતા વાપરી શેઠે બાળકોને સજા કરી એ યોગ્ય નહતું છતાં પણ એક વખતે આપણે માની લઇએ કે, તેઓ સદોષ હોવાથી સજાને પાત્ર હતા પણ નિર્દોષ રાજાપ્રત્યે શેઠની તિરસ્કારદૃષ્ટિ અયોગ્ય અને અસ્થાનેજ હતી એમ કહેવુંજ પડશે. લોકનીતિને અનુસરીને કદાચિત્ રાજાને પણ કિંચિત્ દોષપાત્ર લેખીએ તો લેખી શકાય કેમકે તેજ રાજાના તે બન્ને બાળકો હતા તોપણ આપણે ઉપર જોઇ ગયા તે પ્રમાણે મધુર વચનોનો પ્રયોગ કર્યો હોત તો દુખી રાજાને નિરાશ થવાનો અવસર ન આવી શકત. જેમ–રોગીઓના રોગને દૂર કરવામાં સુવિચારક દીર્ઘદૃષ્ટિ વૈદ્ય, બની શકે ત્યાં સુધી દર્દીના દર્દને મીઠા ઔષધથીજ નાબુદ કરે છે; તેવા ઔષધથી જો ફાયદો માલમ ન પડે તોજ કડવા કે કસાયલા ઔષધનો પ્રયોગ કરે છે. તેવીજ રીતે સન્માર્ગદર્શક ઉપકારીએ પણ ઉપકાર્યને ઉન્માર્ગના ભયંકર અપાયથી સંરક્ષણ કરવા માટે પ્રથમ કર્ણપ્રિય મધુર વચનોથી પ્રેરક બનવું જોઇએ. શાસ્ત્રોમાં પણ દર્શાવ્યું છે કે-જે વચનો સર્વને ઇષ્ટ હોય, જે શબ્દોના શ્રવણથી સઘળાઓ આનંદ પામે અને જે વાક્યો પોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિના સાધક હોય તો તેવા પ્રિયકારી અને હિતકારી મધુર વચનોનો અનાદર કરી અન્ય વચનોનો ઉચ્ચાર સરખો પણ શા માટે કરવો જોઇએ ! કદાચિત્ પ્રાપ્ત થયેલા દ્રવ્યનો સદુપયોગ નહિ કરતાં માત્ર સંગ્રાહક બુદ્ધિવાળા કૃપણશેખરો દ્રવ્ય ખરચવાના અવસરે પોતાનો હાથ સંકોચે અર્થાત્ દરિદ્રતા ધારણ કરે, પરંતુ જેમાં દ્રવ્યનો વ્યય નથી તેવા વચનોમાં દરિદ્રતા શા માટે ધારણ કરવી જોઇએ. માટે હમ્મેશાં બનતા પ્રયત્ને જ્યાં સુધી બને ત્યાં સુધી કોમળ વાણીથીજ બીજાઓને ઉપદેશ આપવો જોઇએ. કેટલીક વખતે કઠોર વચનો સામાના

હૃદયપર વિપરીત અસર કરે છે, ચ્હાય તેવું હિતકારી હોય તોપણ પ્રથમ સામાના અંતઃકરણમાં ક્રોધ ઉત્પન્ન કરે છે, જેના પરિણામે પોતાનું અંતઃકરણ પણ મલીન થાય છે અને ધારેલું કાર્ય ફળીભૂત થતું નથી. જો મધુરતા પોતાને સ્વાધીન હોય, અર્થાત્ અભ્યાસના બળથી સ્વાભાવિક પોતાના વચનોમાં મધુરતા આવતીજ હોય તો કયો સત્વશાળી પુરૂષ એવો હોય કે જે જાણી જોઇને વચનોમાં કઠોરતા લાવે, કિમનસીબવાન ભાગ્યેજ એવી મૂર્ખતા કરનારો મળી આવે અને એતો ચોક્કસ છે કે—મધુર વચનોનો ઉચ્ચાર કરનાર ક્ષમાવાન્ મનુષ્ય કાર્ય સાધવામાં જે સફળતા મેળવે છે તે સફળતા કર્કશ ભાષણ કરનાર ક્રોધી ભાગ્યેજ મેળવી શકે છે, કારણ કે ક્રોધથી અંધ થયેલા મનુષ્યની કાર્યસાધક બુદ્ધિ ક્ષણવારમાં વિનાશ પામે છે.

શ્રીસાર શેઠના પ્રસંગમાં પણ એવુંજ બન્યું. આવેશથી નિર્મળ બુદ્ધિની સ્વચ્છ પ્રભાપર અજ્ઞાન અંધકારનાં શ્યામ પટલો ફરી વળ્યાં, જેના પ્રભાવે શેઠ દીર્ઘ વિચાર કરી શકયા નહિ. જોકે આ સઘળું કાર્ય શેઠથીજ થયું હતું એટલે રાજાના દુઃખમાં નિમિત્ત કારણ શેઠ હતો છતાં પણ આપણે તો આ સ્થળે રાજાની દુર્ભાગ્યની ભયંકરતાજ વર્ણવવી રહી.

રાજાને પોતાની કઠોર આજ્ઞા ફરમાવી શેઠ તો પોતાને સ્થાને ચાલ્યો ગયો. રણસંગ્રામમાં શસ્ત્રધારી શુરવીર યોદ્ધાઓ સાથે યુદ્ધ કરતા દુશ્મનના તીક્ષ્ણ પ્રહારોએ રાજાને જે અશાંતિ ઉત્પન્ન નહોતી કરી, તેના કરતાં અધિક અશાંતિ શેઠના તીક્ષ્ણ વચનપ્રહારોએ કરી. થોડાજ વખતમાં ચિંતાગ્નિથી દગ્ધ રાજાએ શેઠના ભયથી ધ્રુજતા અને મારેલા મારના દુઃખે નેત્રમાંથી અશ્રુધારા વરસાવતા પોતાના દુખી બાળકોને દૂરથી આવતા જોયા. બન્ને પુત્રો પિતા પાસે દોડી આવ્યા અને હૃદયદ્રાવક વિલાપ કરતા શેઠ તરફથી પોતાની ઉપર વીતેલી વિતક વાતો પિતા સમક્ષ કહી દર્શાવી. આ હકીકત સાંભળીને અને પુત્રના નેત્રમાંથી નિકળતા બોર બોર જેવડા આંસુ દેખીને રાજાના દુઃખની સીમા રહી નહિ. માતા વિનાના પોતાના પુત્રોનું દુઃખ દેખી જોકે રાજાનું હૃદય ભરાઈ આવ્યું છતાં પણ શુરવીર રાજાએ પોતાના અંતઃકરણને ધીરજ આપી સ્વસ્થ કર્યું. પુત્રનો કરૂણાજનક વિલાપ દેખી નિર્બળ અને નિર્માલ્ય મનુષ્યની માફક રાજા રૂદન કરવા ન મંડી પડયો, કારણ કે રાજાને બાલ્યાવસ્થામાં પુત્રોના કોમળ અંતઃકરણમાં નિર્બળતાના બીજ નહોતાં વાવવાં, બાળકોને ધૈર્ય વિનાના નિષ્પરાક્રમી નહોતા બનાવવા, પરંતુ ચ્હાય તેવા વિષમ સંકટના સમયે પણ ધૈર્યતાનું અવલંબન કરનારા દૃઢ પરાક્રમી ક્ષત્રીયવીર બનાવવા હતા. આજ કારણથી રાજાએ પોતાની દુઃખથી ભરપુર નિસ્તેજ મુખાકૃતિને બાહ્ય શાંતિથી આચ્છાદિત કરી, દુઃખી બાળકોને ધીરજ આપી, રૂદન કરતા નિવાર્યા અને શાંતિના વચનોથી ઉપદેશ આપ્યો. હે વત્સો ! તમે ચિંતા ન કરો, શાંત થાઓ, આપણી ઉપર જે જે દુઃખોના પહાડો ત્રુટી પડે છે તેમાં બીજા કોઈ પણ દોષપાત્ર નથી માત્ર આપણા કર્મનોજ દોષ છે. પૂર્વે તેવાં દુષ્કર્મો ઉપાર્જન કરેલા જેથી આપણે તેનાં તેવાં કટુક ફળો અનુભવીએ છીએ, તેમાં આપણા કર્મ સિવાય બીજાનો શો દોષ કહીએ ? આ અવસરે રાજા જાણે પોતાના સઘળા દુઃખોને ભૂલીજ ન ગયો હોય તેમ ગંભીર વચનોથી પોતાના પુત્રોને શાંત કરતો હતો, પરંતુ તેનું પોતાનું અંતઃકરણ તો અનિર્વચનીય દુઃખ સાગરના અગાધ જળમાં ડૂબતું હતું. પડતા ઉપર પાટુ મારનાર દૈવને ઉપાલંભ આપતો રાજા વિચાર કરે છે કે—અરે અંતરનું દુઃખ

કોની આગળ વર્ણવીએ, નિર્મળ દયાના અંકુરાઓ જેના હૃદયક્યારામાં નવપલ્લવિત થઈ રહ્યા હતા, એવા દયાળુ શેઠની પણ આ દશા થઇ ! માત્ર એકજ ગુન્હાની શિક્ષામાં બન્ને બાળકોની આ દુર્દશા કરી, પણ તેમાં શેઠનો શો દોષ કાઢીએ. પૂર્વોપાર્જીત અશુભ કર્મનોજ આ પ્રભાવ છે. કહ્યું છે કે—

**करोति तत्कर्ममदेन देही, हसन् स्वधर्मं सहसो विहाय ।**
**रुदंश्चिरं रौरवरन्ध्रमध्ये भुङ्क्ते फलं यस्य किमप्यवाच्यं ॥१॥**

ભાવાર્થ—તુચ્છ પૌદ્‌ગલિક સુખની ખાંતર સંસારિક લીલામાં મશગુલ પ્રાણી પોતાના વાસ્તવિક ધર્મને એકદમ ભૂલી જઈ મદોન્મત્ત થયો છતાં આનંદભેર એવા ક્લિષ્ટ કર્મ ઉપાર્જન કરે છે કે જેનાં ન કહી શકાય તેવાં દુઃખદાયી ફળો ઘણા દીર્ઘકાલ પર્યંત રૌરવ નર્કમાં કરૂણાજનક વિલાપ કરતાં ભોગવવાં પડે છે. ઉપભોગ કર્યા વિના તે કર્મો કોઈ રીતિએ ક્ષય પામતાં નથી.

અરે આત્મા ! અજ્ઞાન દશાથી કર્મનો બંધ કરતી વખતે તને આ વિચાર ન આવ્યો. જો આવ્યો હોત તો તારી આ દશા નહોત માટે હવે શાંત થઇને આવેલાં કર્મને ભોગવી લે જેથી તે કર્મો તારાં ક્ષય પામે. પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો થતોજ નથી, અત્રે નહિ તો ભવાંતરમાં પણ અવશ્ય તારે એ કર્મોનાં ફળ ભોગવવાંજ પડશે. અહો દૈવ ! તારી શક્તિ તો કોઇ અજબ છે ! તારી પ્રતિકૂલતાએ સુખપ્રાપ્તિનાં સાધનો પણ દુઃખ સન્મુખ થઇ જાય છે. દુનિયામાં જીવિતવ્ય અર્પણ કરનાર સર્વોત્તમ વસ્તુ અમૃત પણ પ્રાણનું અપહરણ કરનાર વિષમ વિષપણે પરિણમે છે, માર્ગમાં રહેલી નાની દોરડી પણ ફણીધર સર્પ થઇ દંશ દેવા દોડે છે, નાનું સરખું ઉંદરનું બીલ પગ મુકવાંની સાથે ભયંકર પાતાલ સમાન થઈ જાય છે, અંધકારનો વિનાશ કરનાર ચંદ્ર સૂર્યની પ્રભા પણ ગાઢ અંધકારનું આચરણ કરે છે, સુખપૂર્વક ઉલ્લંઘન થઇ શકે તેવું નાનું પાણીનું ખાબોચીઉં પણ અનુલ્લંઘનીય અને ગંભીર જળનિધિ સમાન થાય છે, પ્રત્યક્ષ આદિ અનેક પ્રમાણોથી પ્રતિષ્ઠિત સત્ય હકીકત પણ દુર્ભાગ્યના ઉદયે અસત્ય ઠરે છે અને સુખદુઃખમાં સહાયક અને સત્ય સલાહકારક અભિન્નહૃદયવાળો મિત્ર પણ મિત્રતાને દેશવટો આપી શત્રુતાનું આચરણ કરે છે. આ સર્વ દુઃખોનો સંબંધ દુષ્કર્મના પ્રભાવેજ પ્રાપ્ત થાય છે. જેમ ભાગ્યમાં હોય તેમ થાઓ, અવસરને ઉચીત આદર આપવો એજ ધીર પુરૂષોનું કર્ત્તવ્ય છે, આમ હૃદયને શાંત કરી દુઃખી પુત્રોને દિલાસો આપી શેઠના બગીચામાંથી નીકળી આ ધારાપુરનો અધિપતિ સુંદર રાજા પૃથ્વીપુરમાં ઉદરપોષણમાં પણ અપમાનિત દશા પ્રાપ્ત કરી તે નગરને છોડી આગળ પ્રયાણ કરે છે.

## પ્રકરણ ૬ ઠું.

### પુત્રવિયોગ.

આપણે જોઇ ગયા કે દુર્દમ દૈવના પ્રચંડ પ્રહારથી પરાભવ પામેલો રાજા બન્ને બાળકોને લઈ, શ્રીસાર શેઠના બગીચાને છેલ્લા પ્રણામ કરી, બહાર નિકળ્યો, પરંતુ આગળ

રાજાને રહેવા માટે કોઇ રાજમહેલ તૈયાર નહતો. રાજમહેલ તો દૂર રહો, દુર્ભાગ્યના ઉદયે એક પણ શાંતિદાયક સ્થાન રાજાને માટે તૈયાર નહતું. રાજા માર્ગે ચાલ્યો પણ આગળ કઇ દિશા તરફ પ્રયાણ કરવું તેની પણ રાજાને સુઝ ન પડી, કારણકે સર્વ દિશા તેને માટે તો એક સરખીજ હતી. દારિદ્રયસંતાપ અને દુઃસહ રાણીના વિયોગે દુઃખીરાજાને પોતાના દુઃખ કરતાં દીન બાળકોનું દુઃખ વિશેષ સાલતું હતું, પણ શુરવીર રાજાએ તેને કાંઈ પણ નહિ ગણકારતાં દેશાંતરના અનિશ્ચિત માર્ગનો આશ્રય કર્યો. માર્ગે જતાં અરણ્યમાં કોઇ સ્થળે ભોજનના અભાવે કંદાદિકનું તો કોઇ સ્થાને પુષ્પ ફલાદિનું ભક્ષણ કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. માર્ગમાં કોઇ સ્થળે ગામ આવે તો ગામમાંથી ભિક્ષા માગીને અથવા માર્ગમાં મળતા મુસાફરો પાસેથી ભિક્ષાની યાચના કરીને હજારો અને લાખો મનુષ્યનું પોષણ કરનાર રાજા પોતાનું અને પોતાના બાળકોનું દૂર્ભર ઉદર મહામુશીબતે પૂર્ણ કરતો હતો. કોઇ સ્થળે તો ભિક્ષાની યાચના કરતાં ભિક્ષા ન મળે એટલુંજ નહિ, પણ દૂર્જન મનુષ્યના મુખમાંથી નિકળતા તિરસ્કારનો અનુભવ કરવાનો પણ અવસર આવતો હતો; આવી રીતે સ્થળે સ્થળે દુઃસહ્ય સંકટનો અનુભવ કરતો અને તેથીજ કરીને પૂર્વોપાર્જીત પોતાનાં પાપકર્મનો પશ્ચાતાપ કરતો, માર્ગમાં મુશીબતે મળતી ભોજનાદિ સામગ્રીથી પુત્રોનું પોષણ કરતો, અનિશ્ચિત માર્ગે અનવસ્થ રીતે આમ તેમ પરિભ્રમણ કરતો, માર્ગમાં આવતા દેવકુલ આદિ સ્થાનોમાં રાત્રિએ બાળકોના રક્ષણની ચિંતાથી અર્ધજાગૃત અનુભવ કરતો, રાજા મહાકષ્ટપૂર્વક ઘણી ભૂમિનું ઉલ્લંઘન કરી સર્વ કોઇ પ્રાણિઓને ક્ષોભ પમાડનાર યમને પણ ભયોત્પાદક અર્થાત્ મહાભયંકર અટવીમાં આવી પહોંચ્યો. આટલી મુસાફરીમાં રાજાને કોઇ જગ્યાએ શાંતિ મળી નહિ અને હજુ પણ સુખશાંતિના દિવસો રાજાના ભાગ્યમાં નિર્માણ થયા નહતા. અટવી જોઇને રાજાની શાંતિ સેંકડો ગાઉ દૂર નાશી ગઇ અને અશાંતિના ચક્રમાં રાજા ચકચુર થયો. અરે ! આ અટવીનું ઉલ્લંઘન શી રિતે કરવું. માર્ગમાં કોઇ વટેમાર્ગુ સહાયક પણ ન મળે. કોઇ ગામ પણ આવે એવું જણાતું નથી કે ત્યાં માર્ગનો શ્રમ ઉતારી સ્વસ્થ થઇ આગળ પ્રયાણ કરીએ. આ પ્રમાણે અહિંયાં પણ રાજા વિચારમાં પડી ગયો. વાંચક મહાશયો ! સુંદર રાજાની આવી અધમ સ્થિતિ નિહાળતાં આપણું હૃદય કંપે છે. અરે ! આવા નીતિનિપુણ સાત્વિકશિરોમણી ગુણીઅલ રાજાની પણ આ દશા. ભુલવું જોઇતું નથી કે જ્ઞાતપણે કે અજ્ઞાનદશામાં એકાન્તમાં કે જનસમૂહમાં દિવસ કે રાત્રિએ કોઇ પણ અવસરે દુષ્ટ અધ્યવસાયપૂર્વક કરેલાં કર્મ ઉદયમાં આવે છે, ત્યારે તે પોતાનું ફળ દર્શાવતાં જ્ઞાનદર્શનચારિત્રના પાલનમાં પ્રવર્તમાન થયેલા મુનિ હોય કે શ્રાવક ધર્મના પાલક ગૃહસ્થ હોય, ભલે ચક્રવર્તી હોય કે તીર્થંકર હોય, કોઇને પણ છોડતાં નથી. રાજાના ચોકીદારોની પ્રમાદ દશાથી અગર પોતાની કળા કૌશલ્યતાથી યા કપટથી ગુન્હેગાર પોતાના ગુન્હાની શિક્ષા મેળવ્યા વિના કોઇ વખતે છૂટી શકે છે, પરંતુ સતત અપ્રમાદિ કર્મસુભટોના પંજામાંથી કોઇ પણ અવસરે છૂટી શકાતું નથી, તેની આગળ કોઇની પણ કળા કૌશલ્યતા કપટ યા સીફારસ ચાલી શકતી નથી.

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીમહારાજ જ્ઞાનસાર અષ્ટકમાં દર્શાવે છે કેઃ—

आरूढाः प्रशमश्रेणिं श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यंतेऽनंतसंसार-महोदुष्टेन कर्मणा ॥१॥

ભાવાર્થ—ઉપશમ શ્રેણિમાં આરૂઢ થઇને અગીઆરમા ગુણઠાણા સુધી પહોંચેલા, ચઉદ પૂર્વના અનુપમજ્ઞાનથી પરિપૂર્ણ, ઉત્તમચારિત્રસંપન્ન, અસંખ્યાત ભવના વૃત્તાંત સંબંધી પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રુતના બળે કરી કેવલી તુલ્ય પ્રરૂપણા કરનાર, સાતિશયજ્ઞાની સિવાય અન્યને એમ માલુમ ન પડે કે આ કેવલી છે કે છદ્મસ્થ છે. આવી ઉચ્ચ કોટીને પ્રાપ્ત થયેલા મુનિઓને પણ પ્રચંડ પાપી કર્મ ચતુર્ગતિ સંસારમાં અનંતો કાલ પરિભ્રમણ કરાવે છે ત્યારે બીજાઓને માટે તો શું કહેવું ?

સુખે કે દુઃખે માર્ગમાં આવેલી આ અટવીનું ઉલ્લંઘન કર્યા વગર રાજાને છુટકો ન હતો. પ્રાચીન કાળમાં દેશાંતર જતાં આવી અટવીઓ ઉલ્લંઘન કરવી પડતી હતી. સુંદર રાજાથી આક્રમણ કરાતી અટવીનું વર્ણન કરતાં ભગવાન્ ભાવદેવસૂરિજી કહે છે કેઃ—

स्वैरिणीव बहुधवा[1], मत्तेव मदनाधिका[2] ।
[3]बाणाऽ[4]सनाढ्यासेनेव लङ्केव सपलाशका[5] ॥
अगण्य मत्तमातंग[6]-संगमा म्लेच्छभूरिव ।
वैरिधाटीवदुर्दश्याऽनेकरक्ताक्ष[7]भीषणा ॥
किंवाऽथबहुनाबालविधवस्त्रीव या सदा ।
विविधश्वापदा[8]वासस्तथा शबरसंभृता ॥

ભાવાર્થઃ—ઇચ્છા મુજબ સ્થાને સ્થાને પરિભ્રમણ કરનારી સ્વચ્છંદી કુલટા સ્ત્રીને જેમ પતિઓની ખોટ હોતી નથી અર્થાત અનેક સ્વામીવાળી હોય છે તેમ અનેક ધવ નામના વૃક્ષોની ઘટાથી ભરપૂર, મદોન્મત્ત સ્ત્રીને જેમ વિષયતૃષ્ણાની અધિકતા હોય છે તેમ અનેક ધન્તુરાના વૃક્ષસમૂહથી વ્યાપ્ત, ધનુષ્યો અને બાણોથી અલંકૃત સૈન્યસમૂહની જેમ ઠેકાણે ઠેકાણે દૃષ્ટિએ પડતા ચિત્રા અને જીરકના વૃક્ષવાળા ભૂમીપ્રદેશોથી અંકિત-રાક્ષસના સમૂહથી ભરપૂર, લંકા નગરીની જેમ અગણિત પલાશ ( ખાખરા )ના વૃક્ષથી ચિત્રવિચિત્ર, મદિરાથી ઉન્મત્ત થયેલા અનેક ચંડાળોથી વ્યાપ્ત મ્લેચ્છભૂમીની જેમ ઠોર ઠોર નજરે પડતા મદોન્મત્ત ગજ ઘટાથી બિહામણી, જેની સન્મુખ ન જોઇ શકાય તેવા લાલ નેત્રવાળા મ્લેચ્છ દુશ્મનની ધાડની જેમ ક્રોધથી રક્ત નેત્રવાળા ખુની ઈર્ષાળુ જંગલી પાડા-

---

૧ ધવ-સ્વામી અને તે નામનું વૃક્ષ, ૨ મદન-વિષયતૃષ્ણા અને ધન્તુરાનું વૃક્ષ, ૩ બાણ-તીર અને ચિત્રક નામનું વૃક્ષ, ૪ અસન-ધનુષ્ય અને જીરક નામનું વૃક્ષ, ૫ પલાશ-રાક્ષસ અને પલાશ ( ખાખરાનું ) વૃક્ષ, ૬ માતંગ-ચંડાળ અને હાથી, ૭ રક્તાક્ષ-લાલ નેત્રવાળા મ્લેચ્છો અને પાડો, ૮ શ્વાપદ-શિકારી જાનવર અને તીવ્ર આપત્તી.

ઓથી મહાભયંકર, ભયસૂચક અન્ય વિશેષણોથી સર્યું, ટુંકાણુમાં કહીએ તો જે અટવી બાલ્યાવસ્થામાંજ વૈધવ્ય દશાને પ્રાપ્ત થયેલી સ્ત્રી જેમ હમ્મેશાં અનેક પ્રકારની તીવ્ર આપત્તિથી વ્યાપ્ત હોય છે તેમ સિંહ, વાઘ, રીંછ, ઇત્યાદિ વિવિધ પ્રકારના શિકારી પશુ પક્ષીના સ્થાનોથી ભરપૂર છે. જ્યાં માત્ર કોઇ કોઇ સ્થળે દુનિયાદારીથી વિમૂખ વ્યવહારથી અનભિજ્ઞ કેવળ જંગલમાંજ પશુઓની સાથે રહીને પશુજીવન ગુજારનારા જંગલી ભીલોને છોડીને અન્ય મનુષ્ય કોઇ પણ સ્થળે દૃષ્ટિપથમાં આવતા નહતા.

આવા વિકટ અરણ્યમાં આશાધારી રાજા બાળકોને આશ્વાસન આપતો માર્ગનું ઉલ્લંઘન કરતો હતો. શિકારી પશુ પક્ષીઓથી ભરપૂર અરણ્યમાં પ્રયાણ કરતાં રાજાને કોઈ ભાગ્યોદયે હિંસક પ્રાણિઓથી તેવા પ્રકારનું વિઘ્ન નડયું નહિ. ક્ષુધા તૃષા વિગેરે દુઃખો સહન કરતો રાજા બન્ને બાળકો સહિત સહિસલામત અરણ્ય વટાવી બહાર આવ્યો. હવે જ્યાં આગળ માર્ગે પ્રયાણ કરે છે તેવામાં દૂરથી શીતલ જલનો સ્પર્શ કરીને આવતી અને મંદમંદ શબ્દ કરતી વાયુલહરી ભયંકર અટવિમાં પરિભ્રમણ કરતા ઉષ્ણ અને કઠોર વાયુથી આલિંગત શરીરને આશ્વાસન આપવા લાગી, ચારે દિશાએ થોડા થોડા વિભાગમાં સ્નિગ્ધતાવાળો પ્રદેશ દૃષ્ટિએ પડવા લાગ્યો જેથી નજીકમાંજ કોઇ જળાશય હોય તેવો સહજ ભાસ થયો. રાજા થોડે દૂર ગયો એટલામાં માર્ગમાંજ બન્ને કિનારે જળથી ભરપૂર મહા વિશાળ નદી આવી. જો કે નદીએ શારીરિક શાંતિ કરી પરંતુ રાજાની માનસિક વ્યથામાં તો વધારોજ કર્યો, કારણ કે નદી માર્ગમાં આડી આવતી હતી જેથી તેનું ઉલ્લંઘન કરવું જ જોઇએ, પણ નદી મહા દુસ્તર હતી. આ સ્થળે કવી કહે છે કે અનેક આપત્તીમાં પણ ધૈર્ય ધારણ કરનાર રાજાને સત્ત્વથી ચલાયમાન કરવા ભયંકર રૂપ ધારણ કરીને આવેલી કોઇ નવીન આપત્તિ જ હોય નહિ કે શું ? ખરેખર રાજાને માથે આ એક નવીન આપત્તિજ હતી. રાજા નદી કિનારે ગયો અને અથાગ જળ જોઇને મુંઝાયો. હવે શું કરીશું, નદી ઉતર્યા વિના માર્ગ મળી શકે તેમ નથી અને બાળકો નદી ઉતરી શકે એવી સ્થિતિ નથી, અત્યાર સુધીમાં કોઇ પણ વખતે રાજાને આવો પ્રસંગ આવ્યો ન હતો, છેવટે વિચાર કરતાં ઉપાય મળ્યો અને તેને અમલમાં મુકવા માટે સજ્જ થયો. રાજાએ પોતાના વિચારને અનુસાર એક પુત્રને ઉલ્લંઘન કરેલી અટવી તરફના કિનારે રાખી બીજા પુત્રને પોતાના ખભા ઉપર બેસાડી નદીના જળમાં પ્રવેશ કર્યો અને પુત્રસહિત રાજા સહીસલામત નદીના બીજા કિનારે પહોંચ્યો. પોતાના ખભા ઉપરથી પુત્રને નીચે ઉતારી બીજા પુત્રને આ કિનારે લાવવા રાજા ફરી પાછો નદીમાં ઉતર્યો, આ અવસરે રાજા ઉપર વિષમવિપત્તિનું વાદળ ઘેરાઇ રહ્યું હતું. એક બાજુએ અરણ્ય તરફના કિનારે રહેલો બાળક મનમાં વિચાર કરતો હતો કે પિતાજી ભાઇને નદી પાર મુકી હમણાં જ આવશે અને મને લઇ જશે ત્યારે બીજી તરફના કિનારે રહેલો બાળક વિચાર કરે છે કે, ભાઇને લેવા માટે જતા મારા બાપા હમણા મારા ભાઇને લેઇ મારી પાસે આવશે આવી રીતે પિતા અને બંધુ પ્રત્યે, પ્રેમાળ બન્ને બાળકો આશાના ઉન્નત શિખર પર આરૂઢ થયા હતા.

અપૂર્ણ.

# ધાંધળથી પોતાની જીત મનાવાનો વિદ્યાવિજય-જીનો કુત્સીત પ્રયત્ન.

---

મારા ( શાસનપ્રેમી ) ના લેખના પ્રત્યુત્તરમાં જૈન પત્રના ૧૯-૩-૨૨ ના અંક સાથે વિદ્યાવિજયની સહીનું વહેચાયેલ હેંડબીલ વાંચ્યું. વાંચકો મારો અને વિદ્યાવિજયજીનો લેખ વાંચી વીચારી જોશે કે સન્નીપાત જ્વરની જેમ ક્રોધથી આકુલ બનેલ ચાહે તેવો વિદ્વાન હોય તો પણ બેભાન બની કૃત્યાકૃત્યના વીવેકને ભુલી જાય છે, એ તેમને ટાંકેલ શ્લોકનો ભાવાર્થ કોને લાગુ પડે છે. વિદ્યાવીજયજી મુનીના સ્વાંગને ધારણ કરે છે તેથી તેમની પાસેથી તો મધુરભાષાની આશા રાખી શકાય, છતાં તેમનો આખો લેખ કેવળ કઠોર, મ-લીન, મુનિભાવનાને પણ ભુલાવનાર. પોતાનો કક્કો ખરો કરવા માટેજ પોતાની સઘળી શ-ક્તીનો કરેલો વ્યય, માનની સાઠમારી, ઇર્ષા વૈર પરદુષણ શોધવાની વૃત્તી તથા ક્રોધના ભભુકા સીવાય બીજું કાંઇ પણ દેખાતું નથી. પોતાના વીચારોથી જુદા પડે તેમની જાહેર-માં નીંદા અને કોલાહલ કરી તેમનું અહીત કરવા અને તેટલા પ્રયત્નો કરી શાસનમાં હ-લકા પાડવાનો કુત્સીત પ્રયત્ન વિદ્યાવિજયજી અને તેમના પક્ષના ચર્ચાની શરૂઆતથી અ-ત્યાર સુધી પ્રગટ થયેલા લેખો હેંડબીલો પેમ્ફલેટો લાલ ટાઇપવાળુ હેંડબીલ વીગેરે વાંચ્યાં છે તેઓ સારી રીતે સમજે છે.

**મરેલી કીર્તી અને કાળા વાવટા.**

ધર્મવિજયજીનો પાછલો ઈતિહાસ ઉકેળવો અમો વ્યાજબી નથી ગણતા પ્રસ્તુત દેવદ્રવ્યની ચર્ચામાં સઘળા આચાર્યો અને મુનીવર્ગે તેમના શાસ્ત્રવિરૂદ્ધ વિચારોથી જુદા પડી જઇ આપેલી સજ્જડ થાપ માટે બળી જઈ પોતાના ગુરૂની મરેલી કીર્તીને સજીવન કરવાના અને ઉડેલા અપકીર્તીના કાળા વાવટાને ઉખેડી નાખવાનો વિદ્યાવિજયજી આવી ધાંધળ મચાવી શું પ્રયત્ન નથી કરી રહ્યા ?

**ખુશામત કરી.**

સાગરજી મહારાજે સહીઓ મેળવવા બીજા સાધુઓની ખુશામત કરી. આવું વિદ્યા-વિજયજીનું બુમરાણ તેઓ દ્વેષાનળથી કેટલા ધમધમી રહ્યા છે તેજ બતાવી આપે છે. ખરૂં છે કે ધર્મવિજયજી જ્યારે પોતે ઉપસ્થીત કરેલ ચર્ચામાં કોઇની પણ સમ્મતી નહી મળવાથી એકલા પડી જાય ત્યારે તેમના સામા પક્ષને યેન કેન પ્રકારે નબળો કેમ પાડવો તેવોજ પ્રયત્ન કરવાનો તેમને તો રહ્યો.

જૈન પત્રનો જે પક્ષપાત કરી તેની વાહાવાના બ્યુગલો ફુંક્યાં છે, પણ તે પેપર કેટલું તટસ્થ અને પ્રતિષ્ઠિત છે તે કોઇથી અજાણ્યું નથી. તેનાં વખાણ વિદ્યાવિજયજી સીવાય બીજું કોણ કરે ?

**દલીલોનું દેવાળું.**

ખરેખર વિદ્યાવીજયજીને દલીલોનું દેવાળું ન હોય, કારણ જેમને પોતાની વાત ન

રહેતી હોય ત્યાં શાસ્ત્રના પુરાવા પણ નથી માનવા, પ્રાચીન પ્રમાણીક શુદ્ધ પરંપરા પણ નથી માનવી અને કુયુકતી કરી મતિકલ્પનાની તોપો ફોડવી છે, તેમનું દલીલોનું ભંડોલ કદી ખુટતુંજ નથી. જેમને કોઇ પણ રીતે સાચાને ખોટુંજ ઠરાવવા મથવું છે, તેમના માટે કુયુકિતઓને ટોટો છેજ નહી. શાસ્ત્રાજ્ઞા પ્રમાણેજ જેમને વર્તવું છે અને ભવભ્રમણનો જેમને ડર છે તેમને તો શાસ્ત્રાધાર ન હોય, પ્રાચીન મહાન પુરૂષોએ માન્ય કરેલ ન હોય, તેવી વાતમાં આગળ વધાયજ નહીં, છતાં બેધડક કહેવું પડશે કે ધર્મવિજયજીએ જે વીચારો પ્રગટ કર્યા છે કે દુષ્કાળપીડીત શ્રાવકોને દેવદ્રવ્યની એક કોડી પણ સીધે રસ્તે કામમાં આવી શકે તેમ નથી, માટે તે દેવદ્રવ્યની આવકોને સાધારણ ખાતાની કલ્પના કરી શ્રાવકોને ખવરાવવામાં કોઇ શાસ્ત્રીય બાધ નથી. આ વીચારો કોઇપણ ધર્મજ્ઞ અને બુદ્ધીશાળીઓને હાંસીપાત્ર માલુમ પડયા સીવાય નહી રહે. પોતાની અગવડોને પુરી કરવા એક વસ્તુ ખપે નહી તો તેને બીજારૂપે કલ્પી ઉપયોગમાં લેવાના વીચારો કોઇ પણ મનુષ્ય, જે સામાન્ય સમજ શક્તી ધરાવે છે તે પણ મુર્ખતા ભર્યાજ ગણી કહાડશે. ધર્મવિજયજી પોતાના આ વીચારોને એક પણ શાસ્ત્રીય પુરાવાથી જ્યારે સીદ્ધ નથી કરી શક્યા અને સંઘે તેમ કરવાની જરૂર નથી જોઇ ત્યારે તકરારો ખુટવા પોતાના સામા પક્ષને જાહેરમાં કોલાહલ કરી ખોટા સ્વરૂપમાં ચીતરી ઉતારી પાડવાનો જે નીચ પ્રયત્ન આદર્યો છે તેજ બતાવી આપે છે કે દલીલોનું દેવાળું સાગરજી મહારાજનું નથી પણ ધર્મવિજયજીના પક્ષનુંજ છે,

ધર્મવિજયજી અને વિદ્યાવિજયજીને આવી ખોટી ખેંચતાણમાં શું સ્વાર્થ રહેલો છે. તે સમજાતું નથી, પણ તેઓ શું કરે. જીવોને જ્યારે અભીનિવેશીક મીથ્યાત્વનો ઉદય થાય છે, ત્યારે એમજ થાય છે, સત્યને અસત્ય જાણે છે, અથવા તો એક વખત ખોટું બોલેલું ભુલ જણાતાં છતાં માનહાનીના ભયથી પાછું ખેંચાતું નથી અને પોતાનો કક્કો ખરો કરવા કૃત્યાકૃત્યનો વીવેક ચુકી શાસ્ત્રોથી બેપરવા બને છે. જેટલા મતમતાંતરો નીકળે છે તે બધા આવીજ રીતે નીકળે છે. ત્રૈરાશીક મત સ્થાપનાર શું નહોતો જાણતો કે ત્રિભુવનમાં કોઇપણ તત્ત્વવેત્તાએ નોજીવ રાશી નથી બતાવી. તે બ્હાને શાસનની જયપતાકા ફરકાવી પણ તેવી ઉત્સુત્ર પ્રરૂપણાથી આત્માની શી દશા? મીથ્યાત્વ ઝેરના જોરે ગુરૂનું પણ ન માન્યું, મીથ્યાદુષ્કૃત્ય ન દીધું, શાસનમાં કાલી ટીલી વહોરી લીધી અને ભવવીડંબના વધારી. ધન્ય છે ગૌતમસ્વામીજીને કે જેઓ પોતાની ભુલ માલુમ પડતાં આનંદ શ્રાવક પાસે પણ મીચ્છામીદુક્કડં માગતાં ન શરમાયા. ત્રીભુવનના રાજાનો વજીર એક શ્રાવક પાસે માફી માંગે તે શું ઓછી લઘુતા? ઓછો ભવ ભ્રમણનો ડર? કેટલી બધી આત્મીય ગુણોની ગવેષણા અને પરીણામની નીર્મળતા? ખરૂં છે કે તેઓ તો તદ્ભવ મોક્ષગામી હતા, તેથી તેમનામાં તેવો કદાગ્રહ હોયજ શેનો? અહીં તો ધર્મવિજયજીએ આચાર્યાદિકોએ બતાવેલ ગ્રંથોમાં બોલી સંબંધી પાઠ નીકળે તો માફી માગું, તેવું જાહેર કરેલું પણ તે વાત તો હવામાં ઉડી ગઇ, શાસ્ત્રોના અર્થો મરડાયા, બોલી ઉછામણી જે અન્યોઅન્ય ભાવવૃદ્ધીનું કારણ છે, પ્રથમ બોલનાર કરતાં બીજો વધે તો પ્રથમને લેશમાત્ર દીલગીરી ન થતાં વધુ બોલનારની તારીફ કરી અહોભાગ્ય માને છે. આવું પ્રત્યક્ષ દેખાવા છતાં તે બોલી ઉછામણીને લીલામ અને હરાજીનાં ઉપનામ અપાયાં. જે બોલી ઉછામણીને કળીકાળ સર્વજ્ઞ શ્રીહેમાચાર્યપ્રભુએ કુમારપાળ જેવા શાસનપ્રેમી ભુપાળ પડખે

છતાં વધુ દામ આપનારને ઇંદ્રમાળ પહેરાવી પ્રાધાન્યપદ આપ્યું અને કુમારપાળે ઉપરથી તે મહાપુરૂષની ઉદારતા અને ધર્મપ્રેમ અને લક્ષ્મી ઉપરનો મોહ છોડી પ્રભુભક્તીમાં વાપરવા માટે વખાણ કર્યાં. આવા દીવા જેવા દૃષ્ટાંતો છતાં વિદ્યાવિજયજી અને તેમના ગુરૂનો કદાગ્રહ ન છુટયો. કહો જોઇએ ! આ ગુરૂ શીષ્યને કેટલો બધો ભવભ્રમણનો ડર છે ? કેટલો બધો પુર્વ મહાપુરૂષોના વચનો ઉપર રાગ ? શું ધર્મવિજયજી ગૌતમસ્વામીજી કરતાં ઓછા સમજુ છે ? વિદ્યાવિજયજી ખ્યાલ રાખજો કે આજ સાધ્ય માટે બીજા આવા અનેક ભવ કરો પણ તમારા વીચારો શાસનરાગીઓ અમલમાં નહી મુકે. વિદ્યાવિજયજી એક બાજુ શાસ્ત્રાર્થ માટે આવ્હાન કરે છે, બીજી બાજુ ખાનગી રીતે શ્રાવકો પાસે શાસ્ત્રાર્થ રોકવા પ્રયત્ન કરાવે છે અને ત્રીજી બાજુ "આખરે સત્ય તરી આવ્યું" એવા મથાળાનું પેમ્ફલેટ પોતાના રાગી દસવીસ ભક્તોની સહીવડે સંઘના ખુલાસાને નામે બહાર પાડી ખોટી રીતે પોતોની જીતનાં બ્યુગલો વગર શાસ્ત્રાર્થ ફુંકી છેતરપીંડીવડે સમાજને ઉન્માર્ગે દોરવાના પ્રયત્ન કરી રહ્યા છે. વિદ્યાવિજયજી માનમાતંગ વશ થઇ ગમે તેમ સમજે પણ જગતતો એક આરીસો છે, તે શ્રીમાન સાગરાનંદસૂરિ અને ધર્મવિજયજીની વિદ્વત્તા અને સત્યાસત્યતાને સારી રીતે પીછાને છે. તેનો પ્રત્યક્ષ પુરાવો એજ છે કે વિદ્યાવિજયજીના આટલા બંધા ધમપછાડા છતાં "આખરે સત્ય તરી આવ્યું" એ શબ્દો તેમના હેન્ડબીલના મથાળામાંજ રહ્યા, પણ સમાજે તો જે પ્રાચીન સત્ય હતું તે જારી રાખ્યું અને ધર્મવિજયજીના વિચારો કોઇપણ પ્રસિદ્ધ શહેર કે ગામમાં અમલમાં ન મુકાયા તે નજ મુકાયા. શી બાબત મુકાય ? પ્રાચીન આચાર્યોની અને વિદ્વાન સાધુઓની જ્યાં એકવાક્યતા એકમત થતાં હોય ત્યાં ધર્મવિજયજી એ કઇ મહાન અને પ્રતિષ્ઠીત વ્યક્તી હતી કે તેમના એકલાના વીચારો ઉપર આધાર રાખે. હજાર કેન્ડલ પાવર જેવા પ્રકાશીત પુરાવા મોજુદ છતાં કોનો દીવસ વાંકો હોય કે દેવદ્રવ્ય પ્રભુભક્તીના બહાને ઉધરાવી ખાઇ પોતાનો ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખે ? વીષખાઈ જીવવાની ઇચ્છા કોણ રાખે ?

અમો શ્રી સાગરાનંદસુરિને વીનંતી કરીએ છીએ કે તમો શા માટે શાસ્ત્રાર્થની માથાકુટમાં સમય વ્યય કરવા તૈયાર થાઓ છો ? ધર્મવિજયજીને અને તેમના પક્ષને નવીન કરી નામના કરવી છે, તમારે તો કાંઇ તેવું છે નહી. શાસ્ત્રસિદ્ધ અને પૂર્વ મહાપુરૂષોએ માન્ય કરી તેને ફેરવવામાં હાની માની ચાલુ રાખેલી પ્રાચીન પ્રણાલિકાને તોડી પાડનારને શાસ્ત્રીય પુરાવાઓથી રોકવા એજ તમારૂં કર્ત્તવ્ય હતું અને તેને તમારી દાક્ષીણ્યતાથી નહી પણ ધર્મપ્રેમ અને શાસનરાગથી સર્વે સુવીહીત આચાર્યો ઉપાધ્યાયો પંન્યાસો અને સાધુઓએ સમ્મતી આપી છે અને સમાજે તે મુજબ વર્ત્તન કરેલું છે એટલે તમારા સાચા પક્ષનો જય થઇજ ચુકયો છે. હવે નાહક તેના માટે સમય અને શક્તીનો વ્યય કરવાની કંઈ જરૂર મને દેખાતી નથી. ધર્મવિજયજી અને તેનો પક્ષ ખુશીમાં આવે તેમ લખે પણ સમાજ કંઈ ભોળવાય તેમ નથી, છતાં શાસ્ત્રાર્થ કરવાની જરૂરજ જણાતી હોય તો પ્રતિષ્ઠાપાત્ર તટસ્થ પુરૂષો તરફથી શાંતી જાળવવાની અને સત્ય ગ્રહણની પાકી ખાત્રી અપાયા પછીજ શાસ્ત્રાર્થ કરવા તૈયાર થવું. નહી તો આવા ધાંધળીઆ અને કુતુહળપ્રેમી સાથેના શાસ્ત્રાર્થનું પરિણામ સારૂં હોય નહી.

તકરારો ખુટી જાય ત્યારે ધાંધળથી પોતાની જીત મનાવાની વિદ્યાવિજયજીની ટેવ

કોઈથી અજાણી રહી નથી. તેનાજ લીધે અંગત હુમલામાં ઉતરી જઇ ( જે અંગત હુમલાથી તેમના ગુરૂ મુક્ત નહોતા ) ચર્ચાનું સ્વરૂપ આટલું બધું વીકૃત કરી નાખ્યું. એક શાસ્ત્રીયવાદને વીતંડાવાદ કરી મુક્યો અને નાહક કોલાહલ મચાવ્યો. નહીંતો સાગરાનંદ સૂરિના ચર્ચાની શરૂઆતથી અત્યાર સુધી કોઈપણ લેખમાં કે છાપામાં મુળ મુદ્દાને ચુકી, મલીન ભાવના કે અંગત હુમલાને સ્થાન આપવામાં આવ્યું નથી.

**ખોટો આરોપ**

મુની વિદ્યાવિજયજી આચાર્યનું મરણ ઇચ્છવાનો ખોટો આરોપ મારા ઉપર મુકે છે. આ તો મને તેમની વાક્યચાતુરીથી હલકો પાડવાનો નીચ પ્રયત્ન છે. પણ તેમાં શું વળે ? એક જૈન કોઈનું પણ સ્વપ્ને મરણ નજ ઇચ્છે તો ધર્મ વિજયજી તો પૂજ્ય મહાવીર પીતાનો પવિત્ર વેશ ધારણ કરે છે. તેમના માટે એવા વીચારો હોયજ કેમ ! મારા લેખ વખતે ધર્મવિજયજીની તબીઅત ઘણી બીમાર હતી અને જે સમાચાર મળતા હતા તે અને તેમની જઈફ અવસ્થા જોતાં તેવી બીક રહે તે સ્વભાવીક હતું. શાસનદેવ કરે ને તેઓ બીજા સો વર્ષ જીવે પણ તેવે પ્રસંગે પોતાની હારના બળાપાથી દુર્ધ્યાન ન થાય, સત્ય સમજાય, તેમને ખોટો સંતોષ આપવાને થતી વિદ્યાવિજયની ધાંધળ અટકે અને છેવટનું જીવન સુધરે એજ પવિત્ર આશય હતો અને હજી પણ તેવી બુધ્ધી છે કે શાસનદેવ તેમને સદ્બુધ્ધી આપે.

ભવના ડર માટે વિદ્યાવજયજી તમારા સરટીફીકેટની જરૂર નથી. તમારેજ વીચાર કરો કે બોલીનો પાઠ બતાવ્યા છતાં તમારા ગુરૂએ માફી માંગી? પોતાની ભુલ દેખાતાં માફી ન માંગવી અને સાગરજી મહારાજે ધર્મવિજયજી ઉપરના કાગળમાં એ ચાર વિશેષણોના પુંછડા ન લગાડયા તેને માટે પ્રાયશ્ચીત મંગાવવા બહાર આવી માનની સાઠમારી કરવી ત્યાં તમોને ભવનો ડર ક્યાં રહ્યો ? તાત્પર્ય એજ કે જેની ચર્ચા નિસ્વાર્થી સાચી અને મલીન ભાવનાથી રહીત હશે તેને કર્મનો બંધ નથી, બીજાને છે.

વિદ્યાવિજયજી હવે બહુ થયું. તમારી ધાંધળ અને લોકોની શ્રધ્ધા ઉડાવી નાંખનારા મલીન ભાષાના લેખોથી સમાજ હવે કંટાળી ગઇ છે. પોતાના ગુરૂની પ્રશંસાના ઢોલ વગાડી આડકતરી રીતે બીજાની નીંદા કરી એક વખત બ્રાહ્મણો પાસે આચાર્ય તો બનાવ્યા હવે હવે તેથી આગળ બીજી કઈ પદવી છે કે તેને માટે આ કુદાકુદ કરી રહ્યા છો ?

છેવટમાં વિદ્યાવિજયજીને મારી એટલી વીનંતી છે કે હવે "અમારૂં માનો અમારૂં માનો અને આરતી પૂજાદિની આવકો એટલે પ્રભુભકતીના બહાને ધન ઉઘરાવી શ્રાવકોનો ઉધ્ધાર કરો" આવી ટહેલ નાંખવાનું મુકી દઈ શ્રી વીતરાગદેવ પાસે એ પ્રાર્થના કરો કે હે તરણ તારણ પ્રભો ! જો પરંપરાએ કરી સંચેલી તારી ભકતીનું કાંઈ પણ ફળ હોયતો અમારામાં રહેલા રાગદ્વેષ વેર ઝેર ઇર્ષા કદાગ્રહાદિ દુર કરી અમને સદ્બુધ્ધી આપો, વીશ્વપ્રેમ, ગુણાનુરાગાદિ ઉત્તમ ભાવના વડે અમારૂં જીવન ઓતપ્રોત કરો, સત્ય સમજવાની શકતી આપો જેથી તમારી આજ્ઞાને શીરસાવંધ ગણી તમારા પગલે ચાલી સ્વપરનું કલ્યાણ કરીએ,

આશા છે કે મુનિશ્રી વિદ્યાવિજયજી આ લેખ હંસદષ્ટીથી વાંચી સાર ગ્રહણ કરી સમાજમાં શાંતી ફેલાવવા પોતાની વીદ્વતાનો સદુપયોગ કરશે.

**શાસનપ્રેમી.**

# પ્રકાશના નવા વર્ષમાં નવો પ્રકાશ.

પરમાનંદના પિતાશ્રી પરમાનંદના નિમિત્તે પોતાના શ્રી 'જૈનધર્મપ્રકાશ' માં બે વર્ષથી નવો નવો પ્રકાશ પાડયાજ કરે છે પણ ખૂબી તો એ છે કે તેઓ પોતાનો પ્રકાશ પોતાના પ્રકાશના નવા વર્ષના પ્રથમ અંકમાંજ પાડી દે છે અને પાછળથી જ્યારે તે પ્રકાશને પ્રકાશિત કરવાનો સુરમ્ય સમય આવી લાગે છે ત્યારે તેઓ કાં તો 'मौनं सर्वार्थसाधनं' આ અનુપમ મંત્રની ઉપાસના કરવામાં એકતાન થઇ જાય છે અને કાં તો સત્યની સાબીતી માટે આમંત્રણ આપનાર મહાપુરૂષ ઉપર પણ અયોગ્ય રીતિએ પોતાની પ્રૌઢવયનો પ્રભાવ પાડી તે મહાપુરૂષને પણ ઉતારી પાડવાની પદ્ધતિનો સ્વીકાર કરે છે. શું આ બે રીતિમાંની એક પણ રીતિ પ્રામાણીક પુરૂષ માટે સ્વીકાર્ય છે ખરી ?

વાંચક મહાશયોને સ્મરણમાં હશે કે સાડત્રીસમા વર્ષના પ્રથમ અંકમાં 'નૂતન વર્ષ' આ મથાળા નીચે ચિરંજીવીના 'જૈન અને મહદ્ જૈન' નામના લેખની સુંદરતા અને સત્યતા બતાવવાના ઇરાદાથી તેઓએ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ પોતાના 'સંબોધ પ્રકરણ' નામના ગ્રન્થરત્નની ત્રીજીજ ગાથામાં લખેલા 'सेयंबरो आसंबरो' આ પદને મૂકી તેના ઉપર ચર્ચા કરવાની પોતાની ઇચ્છા જણાવી હતી અને જ્યારે પૂજ્ય શ્રી રામવિજયજી મહારાજે તે લેખ ઉપર યોગ્ય ચર્ચા કરવાનું આમંત્રણ આપ્યું ત્યારે તેઓશ્રી ઉપર 'અસમયજ્ઞ' અને તેઓશ્રીના લેખ ઉપર 'પિષ્ટપેષણ' નો અસત્ય આરોપ મૂકી વાતને ઉડાવી દીધી. આવી અનુચિત પ્રવૃત્તિ કરવા કરતાં પ્રથમથીજ ચીરંજીવીની ખોટી પ્રશંસા કરવાનો પ્રયાસ ન સેવ્યો હોત તો પોતાની પ્રતિષ્ઠામાં ક્ષતિ શું આવી જવાની હતી ?

આડત્રીસમાં વર્ષમાં પણ ચૈત્ર માસના પ્રથમ અંકમાં 'નવું વર્ષ' આ મથાળા નીચે પરમાનંદના લેખો સંબંધમાં અને કેસરના સમ્બન્ધમાં ચાલતી ચર્ચા ઉપર પ્રકાશ નાખતાં ચીરંજીવીની પ્રશંસા કરવાની અને પોતાનો કક્કો ઘુંટાવવાની પ્રવૃત્તિ તેઓના હસ્તે ઇચ્છા કે અનિચ્છાએ થઇ ગઇ છે અને તે કારણે શાસ્ત્રથી વિરૂદ્ધ જતું પણ લખાણ થઇ જવા પામ્યું છે તેમજ તેની સાથે શાસ્ત્રાનુસારિ લેખક મહાશયો ઉપર અસત્ય અને અણઘટતો આક્ષેપ થઇ ગયો છે તો તેનું દિગ્દર્શન કરાવી દેવું જરૂરનું છે એમ ધારી તે કરાવું છું.

પરમાનંદના લેખોની પ્રશંસા કરતાં તેમના પિતાશ્રી લખે છે કેઃ—

"એ લેખ આપણા વર્ગમાં ઉછરતા જુવાનોમાં તેમજ નવી રોશનીવાળાઓમાં બહુ ઉમંગથી વાંચવામાં આવ્યો છે; અને ઘણા સુજ્ઞજનોએ પણ એ લેખની અંદર આવેલી ઘણી હકીકત માટે તો એ લખવાની ખાસ આવશ્યકતાજ હતી એવા અભિપ્રાયો આપ્યા છે."

ઉપર પ્રમાણેની પ્રશંસા પોતેજ કરવા કરતાં સુજ્ઞજનો તરફથી પોતાને મળેલા અભિપ્રાયપત્રોજ અક્ષરશઃ તે સુજ્ઞજનોનાં નામોની સાથે પ્રસિદ્ધિમાં મૂક્યા હોત તો ઘણોજ પ્રકાશ પડત અને સમાજને પણ ઘણુંજ જાણવાનું મળત. અસ્તુ તે બાબતમાં તેઓને જેમ ઠીક લાગ્યું તેમ કર્યું એની ઉપર આપણે અધિક ઉહાપોહ કરવાની કંઇજ જરૂર નથી, પરન્તુ તે લેખોમાં આવેલી શાસ્ત્રવિરૂદ્ધ વાતોને હૃદયંગમ યુક્તિઓ અને પ્રામાણીક શાસ્ત્રા-

ધારો સાથે સ્પષ્ટ કરનાર મહાત્માઓ ઉપર આક્ષેપક લખાણ કરી પોતાને સત્યના ઉપાસક તરીકે બતાવવાનો દેખાવ કરતાં પરમાનંદના પિતાશ્રી લખે છે કેઃ—

" માત્ર આવેશમાં આવી જઇ નવી ઘુસી ગયેલી પણ રૂઢ થઇ ગયેલી ત્યાજ્ય બાબતોને પણ તજવામાં આકુળવ્યાકુળપણું થાય, અથવા કારણસર દાખલ થયેલી બાબત કારણ પત્યે પણ તજી દેવામાં અકળામણ આવે, તેમજ દાખલ થઇ હોય ત્યારે જે રૂપમાં થઇ હોય તે રૂપ વિપર્યાસપણું પામી ગયેલ હોય છતાં તે બાબત હાલના રૂપમાં પકડી રાખવાનો આગ્રહ કરવામાં આવે તો સત્યનો સ્વીકારજ ન થઇ શકે "

ઉપરના ઉલ્લેખમાં ચર્ચા કરનાર મહાત્માઓ ઉપર ' આવેશ ' નો આરોપ શબ્દ માત્રથી ઓઢાડી પરમાનંદના પિતાશ્રીએ જે જે આક્ષેપો કર્યા છે તેમાંનો એક પણ સત્ય હોય એમ કોઈ પણ વિદ્વાન્ વિચારક સ્વીકારી શકે તેમ નથી. શબ્દમાત્રથીજ બીજાને અસત્યના ઉપાસક અને પોતાને સત્યના ઉપાસક તરીકે ઓળખાવવા તેમજ તેમાંજ મોટાઇ માનવી એ કંઇ સારા આદમીનું ભૂષણ ન ગણાય, પછી તો તેઓને જે રૂચે તે ખરૂં. છતાં આ સ્થાને તો મારે તેઓશ્રીને નીચેના પ્રશ્નનું સમાધાન કરવા માટે ખાસ કરીને આમંત્રણજ આપવું પડે છેઃ—

૧. એવી તે કઇ બાબતો છે કે જે આપણામાં ત્યાજ્ય હોવા છતાં પણ પેસી ગઇ છે?

૨. કઇ બાબતોને આપશ્રી કારણ પત્યે તજી દેવા જેવી જણાવો છો?

૩. કઇ બાબતો ઉપર તમે વિપર્યાસ થવાનો આરોપ મૂકો છો?

મને આશા છે કે મી. પરમાનંદના પિતાશ્રી પ્રામાણિક રૂએ ઉપરના પ્રશ્નોનું સમાધાન કરશે યા તો પોતાની અસત્ય માન્યતાને ફેરવી પોતાના લેખમાં સુધારો કરશે.

પાંચમા પ્રકરામાં પ્રકાશના તંત્રીશ્રી મી. પરમાનંદના લેખોને અંગે લખે છે કેઃ—

" અમને તે લેખોની અંદરના ઘણા વિચારો અનુકુળ લાગ્યા છે......માત્ર ઘી ઉપજાવાની ખાતર ગમે તેટલો વખત જાય ગમે તેવો માણસ પ્રથમ પૂજા કરનાર કે પ્રતિક્રમણમાં સૂત્રો બોલનાર મળી જાય તે બધું સહન કરવું યોગ્ય લાગતું નથી......ટીલા ચક્ષુ સિવાય બીજા તમામ ચાંદલાઓ ચોડવાનો રીવાજ તદ્દન કાઢી નાખવા લાયક છે. "

મી. પરમાનંદના લેખોમાંના ઘણા વિચારો શાસ્ત્ર વિરૂદ્ધ હોઇ મી. પરમાનંદની મનસ્વી કલ્પનાના બળે જન્મ્યા છે અને કોઇ થોડાજ સ્વીકારવા જેવા છે તે છતાં મી. કુંવરજીભાઇને ઘણા વિચારો અનુકુળ જણાયા છે એ કેવળ નવાઇ જેવુંજ લાગે છે તે છતાં તેઓએ પોતાને અનુકુળ લાગેલા વિચારોની નોંધ લીધી હોત તો વળી તેના ઉપર વિચારણા ચલાવી શકાત. અસ્તુ જ્યારે તેઓ તેમ કરશે ત્યારે તેની વાત.

ઘી બોલાવવામાં સમય જાય એ પણ શ્રીયુત કુંવરજીભાઇને હવે રૂચતું નથી. એ તે સમયની કિંમત કહેવાય કે ભક્તિની કિંમત કહેવાય? શું કુંવરજીભાઇને ભક્તિની કિંમત કરતાં સમયની કિંમત અધિક જણાય છે? ભક્તિ કરવામાં અધિક સમય કદાચ વ્યતીત થઇ જાય તો શું નુકશાન છે?

એ તો ચોક્કસજ છેકે પ્રતિક્રમણનાં સૂત્રો બોલનાર શુદ્ધ ઉચ્ચારવાળો જોઇએ. ઘી તો મરજી આવે તે બોલી શકે છે પણ સૂત્રો બોલનાર તો જે શુદ્ધ બોલી શકે તેજ જોઇએ,

પરન્તુ પૂજા કરનાર માટે 'ગમે તેવો પ્રથમ પૂજા કરનાર મળી જાય' આ પ્રમાણે લખી શ્રીકુંવરજીભાઇ શું જણાવવા માગે છે? અને શ્રીવત્સ આદિ ચડાવવાના શાસ્ત્રીય ઉલ્લેખોનો સ્વીકાર કરવાની શું કુંવરજીભાઇની ઇચ્છા નથી? અને જ્યારે તેમની તે ઇચ્છા નથી તો તો તેઓ એમ માને છે કે મારી શાસ્ત્રવિરૂદ્ધ વાત પણ સમાજ માની લેશે? જો તેઓ તેમ માનતાજ હોય તો કહુંછું કે તમારે તેમ માનવાની ભૂલ કરવીજ નહિ. પૂજ્ય ગુરૂદેવોની અને શાસ્ત્રોની આજ્ઞાને શિરોધાર્ય સમજનારી સમાજ પાસે તેવી અસત્ય વાતો મનાવવાની આશા રાખવીજ એ તદ્દન નિષ્ફલ છે.

કેસરના સમ્બન્ધમાં શાસ્ત્રાનુસારિ મહાશયો મોટા મોટા લેખો લખી એજ કહી રહ્યા છે કે 'કેસર શાસ્ત્રસિદ્ધ છે અને શુદ્ધ મળવા છતાં તેનો બહિષ્કાર કરાવવાનો દુરાગ્રહ કદીજ ન થઇ શકે' એટલે પછી તેઓને તો કંઇજ કહેવાનું રહેતું નથી. ગાઇ વજાડીને કહેવાનું કે લખવાનું હોય તો કુંવરજીભાઇ! તમારેજ છે. તમારે સ્પષ્ટપણે જાહેર કરી દેવું જોઇએ કે 'અમે અમારા નાયકની સાચી સલાહનો પણ અનાદર કરીને આગ્રહના આવેશમાં આવી જઇને કેસર વાપરવાના ઉલ્લેખો શાસ્ત્રોમાં મૌજુદ છતાં સંઘની પાસે કેસરમાત્રનો બહિષ્કાર કરાવવામાં મોટામાં મોટી ભૂલ કરી છે, માટે અમે અમારી એ ભૂલનો સ્વીકાર કરતાં કહીએ છીએ શુદ્ધ કેશર મળી શકે ત્યાં સુધી પ્રભુપૂજામાંથી અમારી માફક કેસરનો બહિષ્કાર કોઇએ પણ કરવો નહી.'

રા. કુંવરજીભાઇને વિનંતિ છે કે શાન્ત ચિત્તે ઉપરની બાબતોનો વિચાર કરી પોતે જાતે ઉભી કરેલી ભ્રમજાળને ભેદી સત્યનો સ્વીકાર અને તેનુંજ પ્રકાશન કરશો. એમ સ્વપરનું શ્રેય થવું છે, પરન્તુ બીજાથી નહીં.

છોગાલાલ.

---

# શ્રી જૈન ધર્મ પ્રકાશનો અભિપ્રાય.

"જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ—આ નામની એક બુક પંડિત બેચરદાસે તૈયાર કરી તેના ફારમો ઘણી જગ્યાએ વાંચવા મોકલ્યા છે. ધારવા પ્રમાણે તે બુક બંધાઇને બહાર પડી નથી; પરંતુ જો એ બુક બહાર પડશે તો અમારા વિચાર પ્રમાણે જૈનવર્ગને ઘણીજ હાનિ કરશે. આ બુકની અંદર તમામ સ્થાને અશ્રદ્ધા, શંકા અને કલ્પના સિવાય બીજું દૃષ્ટિગોચર થતું નથી. મહાવીર પરમાત્માને માટે પણ માત્ર વર્ધમાન શબ્દથી સર્વત્ર ઉલ્લેખ કર્યો છે. એક પણ વિશેષણ સાથે લગાડવાનું લક્ષમાં આવ્યું નથી. બધા આગમોમાં અને પંચાંગી વિગેરેમાં તેમને ભેળસેળ થઈ ગયાનુંજ લાગ્યું છે. જે આગમોને તેમજ પંચાંગીને ભદ્રબાહુસ્વામી, હરિભદ્રસૂરિ, ઉમાસ્વાતિ વાચક, સિદ્ધર્ષિગણી, દેવર્દ્ધીગણી ક્ષમાશ્રમણ, હેમચંદ્રાચાર્ય, હીરવિજય સૂરિ અને યશોવિજય ઉપાધ્યાય જેવા પ્રતિષ્ઠિત પૂર્વપુરૂષો પ્રમાણિક માને છે, સત્યરૂપ માને છે, ભેળસેળ વિનાના માને છે, તેને આ અપૂર્વ વિદ્વાન્ વિકાર થયેલા માને છે. આગમમાં જિનપ્રતિમા કે જિનચૈત્યજ તેને દેખાણા નથી અને જે છે તે ઘુસી ગયેલા માને છે. અમને સમકિત સલ્યોદ્ધારની બુક તૈયાર કરતાં તેમાં અનેક સૂત્રોનો પાઠો મહાત્માશ્રી આત્મારામજી મહારાજે નખાવ્યાનો જાતિ અનુભવ છે.

આ બધું જિનાજ્ઞાનો લોપ કરીને સ્વયમેવ આગમો વાંચ્યાનુંજ પરિણામ જણાય છે. 'શ્રાવકે સૂત્ર ન વાંચવા' એમ કહ્યું છે તે કાંઈ તેમાં દોલત ભરી છે તેટલા માટે નહિ; પણ તે વિષયકષાયમાં ડુબેલો છે, અવકાશ વિનાનો છે અને ગુરૂગમ મેળવીને વાંચી શકે તેવો સંભવ નથી; તેથી તેને સ્વયમેવ વાંચતાં સાચી વાત અવળી પરિણમી ન જાય તેટલા માટે છે. અહીં પ્રત્યક્ષ એનો અનુભવ થાય છે. અમે એ બુકને કોઇપણ પ્રકારનું ઉત્તેજન આપવા યોગ્ય તો નહિ પણ સામાન્ય જનોએ વાંચવા યોગ્ય પણ માનતા નથી. કાચી બુદ્ધિવાળાને વાંચવાથી પણ નુકશાન કરે તેમ છે. વળી આ બુકને ભાષણ થયેલા રૂપે પ્રથમ જણાવ્યા બાદ બુકની પ્રાંતે ખુલાસો કરવામાં આવ્યો છેકે ભાષણમાં તો આના મુદ્દાજ કહેવાયા હતા, પછી તેને પલ્લવિત કરેલી છે. અમારી તો એ બુક બહાર ન પડવાની પંડિત બેચરદાસને સલાહ છે. માનવી ન માનવી એ તેમની ઇચ્છાને આધિન છે."

**નોંધ**—શ્રી જૈનધર્મ પ્રકાશમાં 'સ્ફુટ નોંધ અને ચર્ચા' ના લેખક મહાશયે ઉપરનો અભિપ્રાય પ્રગટ કરી પોતાની જૈન તરીકેની એક ફરજ અદા કરી છે અને અમારૂં તો એ માનવુંજ છે કે દરેકેદરેક સમાજહિતૈષી અને ધર્મપ્રેમી પત્રકારે પોતાની તે ફરજ બજાવવામાં નજ અચકાવું જોઇએ, તેમજ અમારી ધારણા પ્રમાણે દરેકેદરેક 'જૈન' નામ ધરાવતા પત્રમાં આવીજ જાતના અભિપ્રાયો તો જરૂર પ્રકટ થશેજ.

સમ્પાદક.

## કણુભા સ્કુલના હેડમાસ્તરને વિનંતિ—

——(૦)——

માસ્તર સાહેબ! કેસરની ચાલુ ચર્ચાનું શાન્ત ચિત્તે સંપૂર્ણપણે અવલોકન કર્યા વિના પ્રાર્થના કે અભ્યર્થના કરવા પ્રકાશમાં આવવું અને બીનજરૂરી લખી સમાજનો સમય નિરર્થક બરબાદ કરવો એ આપની પદવીને શોભતું નથી. આપ ન જાણતા હો તો જાણી લેશો કે કેસર શાસ્ત્રસિદ્ધ છે અને શુદ્ધની પ્રાપ્તિ છતાં તેનો બહિષ્કાર નજ થઈ શકે. કેસર શાસ્ત્રમાં છે એમ તો કુંવરજીભાઇને પણ કબુલ કરવું પડયું છે માત્ર તેઓ પોતે જાતે કરાવેલા બહિષ્કારનો પુનઃ સ્વીકાર કરતાં અચકાય છે. હું તો એને પણ સારૂં નથીજ માનતો માટે. નિરર્થક જાણ્યા વિના શાસ્ત્રથી વિરૂદ્ધ જતું લખાણ કરી જીંદગીને જોખમમાં નાખવાનું સાહસ કરવું એ ઉચિત નથી પછી તો તમારી મરજી.

સાહેબ! આપે ઉપસ્થિત કરેલોઃ—"કેશરથી પ્રભુપૂજા કરવાની ક્યારથી પ્રણાલિકા શરૂ થઇ!" આ પ્રશ્ન બીલકુલ અસ્થાને છે, કારણ કે શાસ્ત્રસિદ્ધ બાબતમાં પ્રણાલિકાનો પ્રશ્ન ઉપસ્થિત કરવો એજ સ્થાનપ્રાપ્ત નથી. બાકી કુંવરજીભાઇ તો આજે તમે અથવા બીજા કોઇ અર્થાત્ જેની જે મરજી આવશે અને જે લખશે અને જેમાં પોતાની વાતને પુષ્ટિ મળતી હશે તે સઘળાને પોતાના પ્રકાશમાં સ્થાન આપી દેશે માટે કુંવરજીભાઇના નામે ભૂલમાં પડી જઈ વસ્તુસ્થિતિને કોઈ સદ્‌ગુરૂપાસે સમજ્યા વિના આપ જે કંઈ લખશો યા બોલશો તેથી નુકશાનજ થશે, એજ.

લે. આપનો હિતૈષી.

# મહારાજા ચંદ્રશેખર

( ગતાંકથી ચાલુ. )

## પ્રકરણ ૭ મુ.

**દોહરો.**

કામલુબ્ધ નર જગતમાં, કરી પેરે કીચ લપટાય;
ઇચ્છા પૂર્ણ થયા વિના, ફોકટ જીવ ગુમાય.

કામાન્ધ માણસો પાણીની આશાથી કાદવમાં ખુંચી જતા હાથીની માફક પોતાની તુચ્છ વાસના તૃપ્ત થાય તે પહેલાં પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે.

રતીસુંદરીનું હરણ કરી રાજા ચિત્રસેને તેને પોતાના આવાસમાં લાવી શું સાર કાઢયો તે હવે આપણે જોઇએ.

"હે સુલોચને !" રાજા ચિત્રસેન બોલ્યો "ભટકતા ભૂત જેવો ચંદ્રશેખર આ તારા યૌવન બાગને ખીલવી શકશે નહિ. જોડી તો તારી અને મારી અપૂર્વ બની શકશે. સૌવીર દેશનો અધિપતિ એવો હું કયાં અને ગામેગામ તથા વનેવન આથડતો એવો ચંદ્રશેખર કયાં ? ચંદ્રની સાથે રોહીણીનો નિવાસ જગતના લોકોને દૃષ્ટાન્તરૂપ થઇ પડે છે, માટે હું ખાત્રીથી કહુંછું કે હે લલને ! તું મારા સહવાસ વિના નિરર્થક થઇ પડીશ."

કામજ્વરથી સંદગ્ધ થઇ ગએલા રાજા ચિત્રસેનનું યદ્વાતદ્વા ભાષણ સાંભળી જેને શોક તથા વિસ્મયતા પ્રાપ્ત થઇ છે, એવી રતીસુંદરી બોલી "હે કાળકુટ ! ચંદ્ર અને રોહીણીનું જોડું જેમ તું વખાણે છે તેમ તેની ઉચ્ચ સ્થીતિને શાન્તતાથી નીરખવાની તથા તેની પ્રત્યેની ઇર્ષ્યા તજી દેવાની તારી બુદ્ધિ કેમ ચળી ગઈ છે ? મારા પતિ ચંદ્રશેખર 'ચંદ્ર' ને રતીસુંદરી 'રોહીણી' સંગે બિરાજતો તું કેમ જોઇ શકતો નથી ? શું તું છતી આંખે પણ સુરદાસ બની ગયો છું ? તું ક્ષત્રિપુત્ર નથી પરન્તુ કોઈ દાસીપુત્ર હોય એમ મને તો લાગે છે. ઉત્તમ પુરૂષો પરસ્રીનો અભિલાષ કદી પણ કરતાજ નથી, પરસ્રીનો સંગ કરનારા પોતાના બાપદાદાની ઇજ્જત ઉપર પાણી ફેરવે છે અને કુળની ઉજ્જવળતાને મશીનો કુચડો લગાડી કાળીમેશ બનાવી દે છે. હે રાજા ! તારી આ વર્ત્તણુંક રાજ્યાપદને નીચું જોવરાવનારી છે. હે રાજા ! વળી તે વાત તો બાજુએ રહી પણ મને હરણ કરવામાં તેં તારી જીંદગીને મોટા જોખમમાં નાંખી છે. કેશરીસિંહની કેશવાળી ગ્રહણ કરી કોણ જીવતો રહ્યો છે ? માટે સમજ સમજ. હજુ પણ તારી જીંદગીની સલામતી ચાહતો હોય અને પરદારાસંગના ભયથી ડરતો હોય તો સત્વર મને મારા સ્વામીનાથ પાસે જવાની જોગવાઇ કરી આપ." "રતીસુંદરી, હે રંભાસ્વરૂપ રમ્ય રમણી ! તું જે કહે છે તે બધી વાત

સાચી છે. પરસ્ત્રીગમનનું પરિણામ ભયંકર હોય છે તે વાત મારી સમજ બહાર નથી. ઘણી વખત દાઝવા છતાં પણ દીપકને વિષે તલ્લીન બનેલું પતંગીયું પોતે ભસ્મીભૂત થઇ જાય ત્યાં સુધી તેની સાથે ખેલ્યાજ કરે છે. હે મૃગનયની ! મારી પણ એજ સ્થીતિ છે તારૂં સૌંદર્ય, તારી લટક તથા તારી મોહક છબી તારી સાથેના ભોગવિલાસ વિના બીજી કોઇ પણ રીતે મારા દિલને શાન્ત થવા દેશે નહિ. માટે લાંબું ટુંકું ભાષણ કરી કોમળ મગજને બિલ્કુલ તસ્દી આપીશ નહિ. ”

“ હે પાપી રાજા ! તું પણ યાદ રાખજે કે તારી ઇચ્છા પૂર્ણ થયા વિના હાથ ઘસતો જીવથી જઇશ ” રતીસુંદરી ક્રોધાતુર થઇ બોલી.

“ તે મારે સમજવાનું છે ” રાજા બોલ્યો “ હું પણ મારાથી બનતા ઉપાયો કરૂં છું, પછી જે થશે તે જોઇશું. તારે વિચાર કરવો હોય તો કરી જોજે. રાજીખુશીથી સોદો બનશે તો બળાત્કાર કરવાની જરૂર નથી, નહિ તો પછી તું છે અને હું છું. ” એમ કહી ચિત્રસેન પોતાના આવાસ તરફ ચાલ્યો. તેના ગયા પછી એકલી પડેલી રતીસુંદરી આ પ્રમાણે પોતાના મન સાથે બોલવા લાગી “ હે નરવીર રાજા ચંદ્રશેખર ! હે પરદુઃખભંજન વીર ! શું તમે મારી આ સ્થીતિ સહન કરી શકો ખરા ? સિંહણની સાથે સંભોગ કરવાની આશા રાખનારને સિંહ કદી જીવતો જવા દે ખરા ? કદી પણ નહિ સાંભળી શકાય એવો તુચ્છ વચનો ઉચ્ચારવાની આ પાપાત્માએ જે હિમ્મત કરી છે તે તમારી જાણ બહાર છે, નહિ તો આ નશ્વર જગતમાં તે જીવતો પણ ક્યાંથી રહે ? પારકાની બહેન, બેટી અગર સ્ત્રીને વિષયવાસિત સ્નેહવચનોથી સંબોધનાર પોતાની બહેન, બેટીની એ સ્થીતિ કરનારને મહા ક્રુર નજરથી જુએ છે. વિષયલંપટ સ્વાર્થી પુરૂષો પોતાની દુષ્ટ વાસના તૃપ્ત કરવાના હેતુથી પારકાની બહેન બેટી તરફ કેટલીક વખત કૃત્રિમ દયા દર્શાવે છે, પરન્તુ તે સ્થીતિ પોતાની બહેન, બેટી ઉપર આવી પડતાં સામો કોઈ દયા દર્શાવનાર આવે તો તેનું શિરચ્છેદ કરવા સુધીનું પગલું ભર્યા વિના પણ રહેતા નથી. આ પાપી મને બળાત્કારથી રંજાડશે, મારા પવિત્ર પતિવૃત્ત ઉપર હુમલો કરશે, અહીંથી નાશી છુટવાનો એક પણ ઉપાય નથી. જીવ જાય તેની પરવા નહિ, પણ પતિવૃત્તનું રક્ષણ પ્રાણુ સાટે કરવું જોઇએ ” એમ કેટલાક વખત સુધી ભિન્ન ભિન્ન વિચારોથી જેનું મન ભ્રમીત થઇ ગયું છે, એવી રતીસુંદરી પોતાનો પ્રાણ પરલોક સ્વાધીન કરવા તૈયાર થઇ.

પાસે પડેલી દોરડી લઇ જેવી તે પોતાના ગળામાં ફાંસો નાંખવા જાય છે; તે વખતે બે પુરૂષોએ ઉતાવળે આવી તે દોરડી ખુંચવી લઈ ફેંકી દીધી અને કહ્યું “ હે મહા સતી ! આવું અઘટીત આત્મહત્યાનું કામ તમારા જેવાને કરવું ઘટે નહિ, તમે થોડા દિવસ ધીરજ ધરો, હવે તમારી સામે નજર સરખી પણ કોઈ કરી શકે તેમ નથી. મહારાજા ચંદ્રશેખર થોડા વખતમાં તમારી પાસે આવી પહોંચશે અને જે રસ્તે આ બંધનમાંથી છુટવાનું છે, તે રસ્તો અમે નક્કી કરી તમને જણાવીશું, માટે તમો થોડા વખત માટે તે દુષ્ટ રાજાને આશા આપી ઝોલે ચડાવો.

“ લોભને વશ થઇ અમે બન્ને જણ ચંડાળ જોગીઓના વશ પડ્યા હતા, તે જોગીઓ અમને પ્રથમ ઘણી ઘણી લાલચો બતાવી એક પહાડની ભયંકર ગુફામાં લઇ ગયા

હતા અને ત્યાં આગળ અમને દેવીના બળીદાન તરીકે વધેરવાની તૈયારીમાં હતા, તેવામાં વીર ચંદ્રશેખરે આવી અમને બચાવ્યા. ”

“ આજકાલ ધૂર્ત જોગટાઓ ઘણુંજ કુકર્મ ચલાવી રહ્યા છે. ” રતીસુંદરી બોલી “ વારૂં, પછી શું થયું !

‘ ત્યાંથી વીરપુત્ર ચંદ્રશેખર સહિત અમે ફરતા ફરતા એક નગરની નજીક વનમાં જઇ ચડયા, કે જયાં આગળ યશોમતી નામે એક તપસ્વીનીના મુખથી આપનો સઘળો વત્તાંત સાંભળ્યો. ”

“ ત્યારે કુમાર ચંદ્રશેખર હાલ ક્યાં છે ? ” રતીસુંદરી અધિરાઇથી બોલી.

તેઓ પણ અમારી સાથેજ છે, આ નગરની બહાર એક ઝાડની છાયામાં બેઠા છે અને અમે તેમના હુકમથી આપની ખબર મેળવવા માટે અત્રે આવ્યા છીએ. હવે તમે મુંઝાશો નહિ. આપણે હાલજ જઇ શકીએ તેમ છે. પરન્તુ આ પાપી રાજાને તેની કૃતિનું ફળ આપવા ખાતરજ તમને હાલ તુરત અમે રોકાવાનું કહીએ છીએ. ”

પ્રિય પાઠક ! રતીસુંદરી સાથે વાત કરનાર આ બન્ને પુરૂષો કોણ હતા, તે તમે સમજી શકયા હશો, જોગીઓના હાથે હલાલ થતા પોતાના બન્ને મિત્રો કે જેણે ચંદ્રશેખરે બચાવ્યા હતા અને ત્યાંથી યશોમતી તપસ્વીનીના મુખથી સમાચાર મેળવી સુભગાપુરી તરફ આવ્યા હતા. ચંદ્રશેખરને નગર બહારજ રહેવા દઇ, તેની આજ્ઞાથી ફરતા ફરતા લોકોના મુખથી રતીસુંદરીનું રહેઠાણ વિગેરે જાણી લઇ ચંદ્રશેખરને ખબર આપી હતી અને તેથી કરીને ચંદ્રશેખરે પોતાની વિદ્યાના બળથી વિમાન બનાવી તેમાં બન્ને જણને બેસાડી ચિત્રસેનની સખ્ત ચોકીવાળા રતીસુંદરીના આવાસમાં મોકલ્યા હતા.

ત્યાર પછી રતીસુંદરીની રજા લઇ બીજે દિવસે આવવાનો વાયદો કરી તે બન્ને જણ આવ્યા હતા, તેવીજ રીતે ત્યાંથી નીકળી કુમાર પાસે આવ્યા.

કુમારના પૂછવાથી તે બન્ને જણે સઘળી બીના કહી સંભળાવી, કે જે સાંભળી તેને રાજા ચિત્રસેન ઉપર અત્યંત ક્રોધ ચઢયો. ‘ ઠગની સાથે ઠગાઇ રમવી સારી ’ એ ઇરાદાથી પોતાના ક્રોધને દાબી દઇ તેણે એક નવી યુક્તિ રચી.

નજીકમાં એક જળથી ભરેલા સરોવર ઉપર હજારો સ્ત્રીઓ પાણી ભરવા આવતી હતી. સ્ત્રીઓ કૌતકની રસીઅણુ હોય છે, એ વાત નિર્વિવાદ છે, જેથી તે ત્રણે જણે અબધૂતનો વેષ ધારણ કર્યો. ચંદ્રશેખર મહાન્ જટાધારી ગુરૂ બન્યો અને બન્ને મિત્રોને તેના ચેલા બનાવ્યા. પ્રાતઃકાળમાં કેટલીક સ્ત્રીઓ ત્યાંથી પાણી ભરીને જતાં જતાં આ નવા યોગીઓની નવીન રચના જોતી જોતી ઉભી રહી.

ઘણી સ્ત્રીઓ તો આ તમાસો મુગીને મુગીજ જોઇને ચાલી ગઇ, પણ છેવટે એક ઘરઘરનાં પાણી પીનારી અટકચાળી સ્ત્રીએ પૂછયું “ બાવાજી ! આપની પાસે કાંઇ વશીકરણ મંત્ર છે.

અપૂર્ણ.

લે. કવિ રસિક.

# અમારી નોંધ.

—:o:—

કેસરની ચર્ચાએ દિન પ્રતિદિન ગંભીર સ્વરૂપ પકડયું છે. વાંચકો અમારો આશય સીધી રીતે સમજ્યા નથી, પરન્તુ કદાચ સમજ્યા હોય તોપણ પોતાનો કદાગ્રહ છોડવા રાજી ન હોય તેવો દેખાવ કરતા રહ્યા છે. અશુદ્ધ કેસરને વાપરવાનો આગ્રહ કોઇ પણ ધર્મપ્રેમી કરી શકે નહિ, તેમજ કેસરને પરદેશીના બહાને પ્રભુપૂજામાંથી ઉડાવી દેવું એ પણ કોઇ ધર્મપ્રેમી સહન કરી શકે નહિ. એવી હજારો પરદેશી ચીજો આપણા હમ્મેશની ઉપયોગમાં આવતી માલુમ પડશે કે જેનાં નાણાં માંસાહારીઓના હાથમાં જાય છે, છતાં તે ચીજોનો ત્યાગ કરવાનો આજના નવીન વિચારકોને ખ્યાલ પણ આવતો નથી; માત્ર કેસરજ તેઓની નજરમાં ખુંચી રહ્યું છે, તે પણ ફક્ત પ્રભુપૂજા માટેજ, ખાવામાં તેઓને વાંધો જણાતો નથી.

પ્રથમ તો કેસરપૂજાજ શાસ્ત્રમાં નથી તેમ સમજાવવા પ્રયત્ન કર્યો, પરન્તુ જ્યારે તેમાં ન ફાવ્યા ત્યારે પરદેશીનું બહાનું કાઢયું. શું આવા બાના નીચે પ્રભુપૂજામાં ખામી લાવવી અને પોતાના ઉપભોગ વાસ્તે તો પાપનોય ડર ન રાખવો, તે શું કોઈ શાણો પુરૂષ પસંદ કરી શકે ખરો કે? કેસરને અપવિત્ર કહેનારાઓની, તેની ખાત્રી માટે યોગ્ય પ્રયત્ન કરવાની અથવા પવિત્ર મેળવી લોકોને પૂરૂં પાડવાની ફરજ નથી? તપાસના પરિણામે કેસરની પવિત્રતા માટે નીચે મુજબ સરટીફીકેટ મળેલું છે. સત્યાકાંક્ષીઓને યોગ્ય લાગે તે ગ્રહણ કરે.

No. 2478 of 1921.

Office of the Chimanlal Analyser,
Government Laboratory, Byculla.
Bombay, 19th October, 1921.

From,

Major B. Higham, I. M. S.
Chemical Analyser to Government,
BOMBAY.

To,

Mr. Mansukbhai Bhagubhai Parikh.
Bombay.

Sir,

With reference to your letter No. of the 17 th instant forwarding an intact tin labelled S. Naron & Co's Sun Label Saffron.

I have the honour to state that it is a good sample of genuine Saffron free from alcohol or any animal matter.

I have honor to be,
SIR,
Your most obedient servant,
Sd/ Major B. Higham I. M. S.
Chemical Analyser to Government.

× × × × ×

શ્રીયુત ગાંધીજીએ દેશોદ્ધાર માટે સ્વાર્થત્યાગ કરી, અનેક કષ્ટપરંપરાને વહોરી લઇ, આજે લાખો કરોડોની પ્રશંસા આકર્ષી લીધી છે. અમે પણ ગાંધીજીના કાર્યો પૈકી કેટલાકની પ્રશંસા કર્યા શિવાય રહી શકતા નથી; પરન્તુ તેટલા માત્રથીજ મોહાન્ધ બની ગાંધીજીને પરમપવિત્ર પ્રભુ મહાવીરની તુલનામાં મુકવાનું ગાંડપણ તો અમે કદી પણ દાખવી શકીએ નહિ. જેને જે ઉપમા ઘટતી હોય તેજ અપાય. અઘટિત ઉપમા આપવામાં તો અમે તેઓની આડકતરી રીતે નિન્દાજ થતી હોય તેમ સમજીએ છીએ. અલબત્ત ગાંધીજી અત્યારે એક અસાધારણ માનસીક શક્તિ ધરાવનાર મનુષ્ય છે. અહિંસાના માર્ગે સ્વરાજ્યપ્રાપ્તિની લડત માટે સમગ્ર દેશનેતામાં તેઓશ્રી અગ્રગણ્યની કોટીમાં આવ્યા છે અને તેથી જેમ ન્યાયમાં શ્રી રામ, પરદુઃખભંજનમાં શ્રી વિક્રમ, સત્યવાદીમાં હરિશ્ચંદ્ર અને દાતારમાં જેમ કર્ણનાં નામો પ્રાતઃસ્મરણીય થઇ પડયાં છે, તેવીજ રીતે શ્રીયુત ગાંધીજીનું નામ ઇતિહાસના પાનામાં સુવર્ણાક્ષરે કોતરાઈ રહે તો નવાઇ નહિ.

આટલું છતાં અમે બેધડક કહીએ છીએ કે પ્રભુ મહાવીરના અને ગાંધીજીના જીવનમાં મેરૂ અને સરસવ જેટલું અંતર રહેલું છે. અસંખ્ય દેવો જેમનો પડતો બોલ ઝીલી લેવાને તત્પર હતા, એવા આત્મિકોન્નતિની ટોંચે પહોંચેલા પ્રભુ મહાવીર ત્રિભુવનને ડોલાવે તેવું સામર્થ્ય ધરાવતા છતાં, શત્રુઓના ત્રાસ (ઉપસર્ગો)ને સમભાવે સહન કરનાર હતા. પ્રભુ મહાવીરે શત્રુમિત્રને સમદૃષ્ટિથી જોઇ, અનેક આપત્તિને સહન કરીને પણ સીધી કે આડકતરી રીતે કોઇ પણ જીવની લાગણી દુભાવી નથી, તો બુરૂં કરવાની તો વાતજ શી? શ્રીયુત ગાંધીજીમાં તેવા પ્રકારની શક્તિ અમારી દૃષ્ટિએ તો દેખવામાં આવતીજ નથી. ક્યાં દેવાધિદેવ પ્રભુ મહાવીર અને ક્યાં શ્રીયુત ગાંધીજી?

પ્રભુ મહાવીરનું આદર્શ જીવન યથાર્થ જાણે અને સમજે તે ચાહે જૈન હોય કે જૈનેતર હોય, તેઓની દૃષ્ટિમાં પ્રભુ મહાવીરની તુલનામાં આવે તેવી એક પણ વ્યક્તિ ત્રિભુવનમાંય અત્યારે તો નજરે ન આવે.

શ્રીયુત ગાંધીજીના કેટલાક અંધભક્તો, ખુદ જૈનો ભલે મહાવીર અને ગાંધીજીમાં કાંઇ પણ ફરક ન દેખે, એટલે તેમને પ્રભુ મહાવીરની તુલનામાં મુકે, યા તો ખુદ પ્રભુ મહાવીર તરીકે પણ ગણે તથા કોઇને શ્રી ગૌતમસ્વામીજી અને શ્રી સુધર્માસ્વામીજીની ઉપમા આપે તેની અમોને લેશ પણ પરવા નથી; પરન્તુ એટલું તો ચોક્કસ કહી શકાય કે, કોઇ પણ સમજુ અને પ્રભુ મહાવીરને યથાર્થપણે ઓળખનાર, તેવા વિચારોને મુર્ખતાભર્યા બખાળાજ ગણ્યા શિવાય રહેશે નહિ.

× × × × ×

આ વખતે સુરત અને મુંબાઇમાં માલબાગ ખાતે ઉજવાએલ જયન્તી પ્રભુ મહાવીરની જયન્તી નહોતી, પણ તેમાં કેવળ ખાદીપ્રચાર અને અસહકારી દેશનેતાઓની પ્રશંસાજ હતી. અમે ઉપરજ જણાવી ગયા છે કે દેશનેતાઓના નિઃસ્વાર્થ કાર્યોની પ્રશંસા માટે બે મત હોઇ શકેજ નહિ, પણ પ્રસંગ મહાવીરજયંતીનો, કે જે સમયે પ્રભુ મહાવીરના આદર્શ ગુણોનું ગુણગાનજ હોય તેવે વખતે મુખ્ય ઉદ્દેશને ભુલી જઇ અસંબદ્ધ બખાળા કેટલાક વક્તા તરફથી કહાડવામાં આવ્યા હતા તે પ્રત્યે અમે તો અમારી સખ્ત નાપસંદગીજ જાહેર કરીએ છીએ.

*　　*　　*　　*　　*

વર્ષો સુધી એકજ ઠેકાણે પડી રહેનાર મંડલાચાર્યને બીજા સાધુઓ માટે તેવી ટીકા કરવાનો કાંઇ પણ હક નથીજ.

અપાસરાને રેંટીઆશાળા બનાવવાનો તથા સાધુઓને ચાલુ લડતમાં ઝુકાવાનો મંડલાચાર્યનો ઉપદેશ તેમની પાકેલ વયની પાકટ બુદ્ધિનોજ નમુનો કહી શકાય.

*　　*　　*　　*　　*

મુંબાઇની જીવદયા મંડળી જીવવધ અટકાવવાનું કાર્ય ઘણીજ ઉત્તમ રીતે કરી રહી છે.

દક્ષીણ કનારાના સીરસી ગામમાં મારીકા યાત્રા પ્રસંગે દર બે બે વર્ષે આઠ હજાર બકરાનો થતો વધ મજકુર મંડળીએ યોગ્ય પ્રયત્નો વડે અટકાવ્યો છે અને ચાલુ સાલમાં તેવા વધનો સંભવ જણાતાં સારા નેતાઓનાં ફરમાન બહાર પાડવાની સુચના થવાથી, શંકરાચાર્ય મહારાજ તથા શ્રીયુત ગાંધીજીનાં ફરમાનો બહાર પડાવી પોતાથી બનતું કર્યું છે.

એક કાંટો ભોંકાતાં અરડાટ કરતો મનુષ્ય પ્રાણી, બીજાને પ્રાણાન્ત કષ્ટનો અનુભવ કેવો થતો હશે તેનો ખ્યાલ ન કરી શકે તે મનુષ્ય નથી, પણ એક હૃદય વગરનો, મનુષ્ય નામને લજવનાર નરપીશાચ છે. હીંસા જેવું પાપી અધમ કાર્ય દુનિયાની સપાટીમાં અન્ય કોઇ હોઇ શકે નહીં. તેવા હીંસકોને પોતાનું પાપી મોઢું કોઇને પણ બતાવવાનો હક્ક નથી. દુનિયામાં સહૃદય સજ્જન ગણાતો કોઇ પણ મનુષ્ય આવા કાર્યને ધિક્કારની દ્રષ્ટીથીજ જોઇ શકે.

અમો જીવદયા મંડળીના કાર્યવાહકોને તેમના આ ઉત્તમ કાર્ય માટે અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે તેઓને આવું કાર્ય કરવાને શાસનદેવતા દિર્ઘાયુ બક્ષે.

———(૦)———

## અભિપ્રાય.

**જૈન લગ્નવિધિ અને લગ્નગીતો**—આ નામની બુક સ્તંભતીર્થ જૈનમંડળ તરફથી મળી છે. સદરહુ બુકમાં લગ્નવિધિ સારી રીતે વિસ્તારથી દર્શાવવામાં આવી છે, તેમજ લગ્નનાં ગીતો પણ ઠીક ગોઠવવામાં આવ્યાં છે. આ બુકનાં ગીતો જો લગ્નમાં ગાવામાં આવે તો ફટાણાં ગવાતાં અટકી શકે. લગ્નવિધિ પણ આ મુજબ થાય તે ઇચ્છવા યોગ્ય છે. કિંમત ૦–૪–૦ છે તે બરાબર છે. મળવાનું ઠેકાણું ત્રાંબાકાંટા મુંબાઇ નં. ૩.

## " શ્રીવિજયાનંદસૂરીશ્વર ઊર્ફે આત્મારામજીમહારાજના સમુદાયના મુનિમહારાજશ્રીકર્પૂરવિજયજીમહારાજનું દીલગીરીદાયક અવસાન."

'અમોને જણાવતાં અતિ ખેદ થાય છે કે, મુનિશ્રી કર્પૂરવિજયજી પાટણથી નીકળેલા ચારૂપ તીર્થના સંઘમાં મુનિમહારાજશ્રીહંસવિજયજીમહારાજ સાથે આનંદપૂર્વક યાત્રા કરી આવ્યા બાદ ૧૫ દિવસની માંદગી ભોગવી ફાગણ વદ ૧૩ ને રવીવારની સવારે સુમારે આઠ વાગતાં પાટણ શહેરની અંદર આવેલા સાગરના ઉપાશ્રયમાં જ્ઞાન, ધ્યાન અને અંત્યારાધના કરી આ ફાની દુનીઆને છોડી સ્વર્ગગમન કરી ગયા છે, પરંતુ પાટણની પ્રજામાં ભાષણાદિદ્વારા પોતાની કીર્તિરૂપી કપૂરનો સુવાસ અખંડ રાખી ગયા છે.

આ મહાત્માએ સુમારે બાર વરસની લઘુવયમાં મુનિમહારાજશ્રીહંસવિજયજીમહારાજના શિષ્ય મુનિશ્રીદોલતવિજયજી તથા મુનિશ્રીધર્મવિજયજીમહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી અને પચ્ચીસ વર્ષની ઉમર થતાં તેમણે આ અસાર શરીરનો ત્યાગ કર્યો છે.

આટલી ટુંક મુદતમાં મર્હુમે વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય અને કેટલાએક જૈન સૂત્રો ઉપરાંત છઠ્ઠા કર્મગ્રંથની ટીકા સુધીનું જ્ઞાન મેળવ્યું હતું, એટલુંજ નહિ બલ્કે મુનિમહારાજશ્રીવલ્લભવિજયજીએ મુંબઇમાં ચોમાસું કર્યું ત્યારે તેમણે પણ મુનિમહારાજશ્રીદોલતવિજયજી તથા મુનિમહારાજશ્રીધર્મવિજયજી સાથે ચોમાસું કરી તેમની જોડે દક્ષિણ તથા વરાડ પ્રંતમાં વિહાર કર્યો હતો.

આ બાળમુનિએ શ્રી સિદ્ધાચલજી, ગિરનારજી, સંખેશ્વરજી, અંતરિક્ષજી, ભાંડકતીર્થ અને દક્ષિણ હૈદ્રાબાદ પાસે આવેલા કુલપાક તીર્થની યાત્રાઓ કરી પોતાના આત્માને પવિત્ર બનાવ્યો હતો.

જ્યારે તેઓ પુના તરફથી વિહાર કરી પરમગુરૂમહારાજશ્રીહંસવિજયજીમહારાજ પાસે ઇંદોર આવતા હતા, ત્યારે અહમદનગર, એવલા, ધુલીઆ, માલેગામ, સીરપુર વીગેરે ગામોમાં તેમને ઘણો આવકાર મલ્યો હતો. ધ્વજાપતાકાથી શહેરોને શણગારી મોટાં સામૈયાં સજી શ્રાવક ભાઇઓએ જૈનેતર અમલદારોને સાથે રાખી બહુ સારો સત્કાર કર્યો હતો, એટલુંજ નહિ પણ સીરપુરના સંઘે તો સાથે આવી શ્રી માંડવગઢની યાત્રા કરાવી ગુરૂમહારાજ પાસે ઠેઠ ઇંદોર પહોંચાડયા હતા.

આ બાલ મુનિએ કેટલાએક ગ્રંથો અને નિબંધો લખી જૈન સાહિત્યસેવા પણ બજાવી છે.

આ મહાત્માના આત્માને શાંતિ મળો એમ ઇચ્છી વીરમીએ છીએ.

લી. વીરચંદ સાંકલચંદ.